RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 286 Dt. 01-05-2025 Page : 08 Price : Rs 3




**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA
**Place of Publication :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# દેશમાં થશે જાતિ આધારિત વસ્તી ગણતરી

પાકિસ્તાન સાથેના ઘર્ષણ દરમિયાન કેબિનેટમાં લેવાયો અત્યંત મહત્વનો નિર્ણય : વિપક્ષી પાર્ટી એ આપ્યું સમર્થન

## જાતિગત વસ્તી ગણતરીથી સામાજિક માળખાને કોઈ નુકસાન થશે નહીં : અશ્વિની વૈષ્ણવ




સ્વતંત્રતા પછીની દરેક વસ્તી ગણતરીમાં, સરકારે ફક્ત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના જાતિ આધારિત ડેટા જાહેર કર્યા છે

નવીદિલ્હી, તા. ૩૦

કેન્દ્ર સરકારે બુધવારે વસ્તી ગણતરી હાથ ધરવા સંબંધિત એક મોટી જાહેરાત કરી છે. કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણયની માહિતી આપતાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે મોદી સરકાર આગામી વસ્તી ગણતરીની સાથે જાતિના આધારે પણ લોકોની ગણતરી કરશે. આ દરમિયાન કેન્દ્રીય મંત્રીએ વિપક્ષી પાર્ટીઓને ઘેરી લીધી અને કહ્યું કે કોંગ્રેસે ફક્ત રાજકારણ માટે જાતિના મુદ્દા ઉઠાવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે જાતિગત વસ્તી ગણતરીથી સામાજિક માળખાને કોઈ નુકસાન થશે નહીં. નોંધનીય છે કે આ પહેલા પણ અનેક વખત જાતિગત વસ્તી ગણતરીની માંગણી ઉઠાવવામાં આવી છે. પરંતુ સરકારે આ માંગણીઓને અવગણી. જોકે, હવે બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા, કેન્દ્રએ જાતિ સર્વેક્ષણ કરવાનો નિર્ણય લીધો છે. આ સાથે, સ્વતંત્ર ભારતમાં પ્રથમ વખત જાતિગત વસ્તી ગણતરીનો માર્ગ લગભગ સાફ થઈ ગયો છે.

દેશમાં વસ્તી ગણતરી ૧૮૮૧માં શરૂ થઈ હતી. પહેલી વસ્તી ગણતરીમાં જાતિ વસ્તી ગણતરીનો ડેટા જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દર દસ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવતી હતી. ૧૯૩૧ સુધી દરેક વસ્તી ગણતરીમાં જાતિવાર ડેટા પણ જાહેર કરવામાં આવતો હતો. ૧૯૪૧ની વસ્તી ગણતરીમાં જાતિવાર ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો, પરંતુ તે જાહેર કરવામાં આવ્યો ન હતો. સ્વતંત્રતા પછીની દરેક વસ્તી ગણતરીમાં, સરકારે ફક્ત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના જાતિ આધારિત ડેટા જાહેર કર્યા છે. ૧૯૩૧ પછી અન્ય જાતિઓ માટે જાતિવાર ડેટા ક્યારેય પ્રકાશિત થયો ન હતો.

### જાતિગત ગણતરીની શું જરૂર છે?

૧૯૪૭માં દેશ આઝાદ થયો. સ્વતંત્ર ભારતમાં પહેલી વસ્તી ગણતરી ૧૯૫૧માં હાથ ધરવામાં આવી હતી. ૧૯૫૧ થી ૨૦૧૧ દરમિયાન થયેલી તમામ ૭ વસ્તી ગણતરીઓમાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવી હતી, પરંતુ પછાત અને અન્ય જાતિઓની જાતિ આધારિત વસ્તી ગણતરી ક્યારેય કરવામાં આવી ન હતી. ૧૯૯૦માં, તત્કાલીન વીપી સિંહ સરકારે મંડલ કમિશનની ભલામણો લાગુ કરી અને પછાત વર્ગોને અનામત આપી. તે સમયે પણ ૧૯૩૧ની વસ્તી ગણતરીના આધારે અનામતની મર્યાદા નક્કી કરવામાં આવી હતી. ૧૯૩૧માં, દેશની કુલ વસ્તીના ૫૨ ટકા પછાત જાતિઓ હતી. ઘણા નિષ્ણાતો માને છે કે હાલમાં દેશની કુલ વસ્તીમાં પછાત જાતિઓની સંખ્યાનો ચોક્કસ અંદાજ લગાવવો મુશ્કેલ છે. નિષ્ણાતો કહે છે કે જીઈ અને જીઠ શ્રેણી માટે અનામતનો આધાર તેમની વસ્તી છે, પરંતુ ઘઇઈ અનામતનો આધાર ૯૦ વર્ષ જૂની વસ્તી ગણતરી છે. જે હવે સંબંધિત નથી. જો જાતિગત વસ્તી ગણતરી કરવામાં આવે તો તેનો મજબૂત આધાર રહેશે. વસ્તી ગણતરી પછી, સંખ્યાના આધારે અનામત વધારવી કે ઘટાડવી પડશે. જાતિગત વસ્તી ગણતરીની માંગણી કરનારાઓનો દાવો છે કે આ થયા પછી, પછાત અને અત્યંત પછાત વર્ગના લોકોની શૈક્ષણિક, સામાજિક, રાજકીય અને આર્થિક સ્થિતિ જાણી શકાશે. તેમના ભલા માટે યોગ્ય નીતિ ઘડી શકાય છે. ચોક્કસ સંખ્યા અને પરિસ્થિતિ જાણ્યા પછી જ તેમના માટે વાસ્તવિક કાર્યક્રમ તૈયાર કરવાનું શક્ય બનશે. તે જ સમયે, તેનો વિરોધ કરનારાઓ કહે છે કે આવી વસ્તી ગણતરી સમાજમાં જાતિ વિભાજન વધારશે. આના કારણે લોકોમાં કડવાશ વધશે.

### રાહુલ ગાંધીએ ટેકો આપ્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં દેશમાં જાતિગત વસ્તી ગણતરી કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોંગ્રેસે કહ્યું છે કે સરકારે આ નિર્ણય તેમના પક્ષ દ્વારા સતત ઉઠાવવામાં આવતી માંગણી બાદ લીધો છે. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ પણ કેન્દ્ર સરકારના આ નિર્ણયને સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું કે અમે સંસદમાં કહ્યું હતું કે અમે જાતિગત વસ્તી ગણતરી કરાવીશું. ઉપરાંત, ૫૦ ટકા અનામત મર્યાદા દૂર કરવામાં આવશે. અમે આ નિર્ણયને સમર્થન આપીએ છીએ. તેમણે કહ્યું કે આ પહેલું પગલું છે, હવે આપણે આનાથી આગળ વધવું પડશે. સરકારે આ ક્યારે થશે તે તારીખ જણાવવી જોઈએ.

### દેશના વિકાસને મળશે ગતિ

બુધવારે એક મોટો નિર્ણય લેતા, કેન્દ્ર સરકારે આગામી વસ્તી ગણતરીમાં જાતિનો ડેટા એકત્રિત કરવાની જાહેરાત કરી છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આ નિર્ણયનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને કહ્યું કે આ પગલું લાંબા સમયથી પડતર મહત્વપૂર્ણ માંગણીને પૂર્ણ કરે છે અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# ભારતની પાકને ફરી ચેતવણી

## નિયંત્રણ રેખા પર જ યુદ્ધવિરામનું થઈ રહ્યું છે સતત ઉલ્લંઘન

નવીદિલ્હી, તા. ૩૦

ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર ફરી એકવાર તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. અત્યાર સુધી પાકિસ્તાન ફક્ત નિયંત્રણ રેખા પર જ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરતું હતું, પરંતુ હવે આ પ્રવૃત્તિઓ આંતરરાષ્ટ્રીય સરહદ સુધી વધી ગઈ છે. મંગળવારે રાત્રે જમ્મુના પરગલ સેક્ટરમાં પાકિસ્તાન તરફથી ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેના કારણે પરિસ્થિતિ વધુ વણસી ગઈ હતી. આ કારણે, ગઈકાલે રાત્રે ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ઉઞ્રખઘ) વચ્ચે હોટલાઇન પર વાતચીત થઈ, જેમાં ભારતે પાકિસ્તાની સેના દ્વારા ઉશ્કેરણી વિના થઈ રહેલા યુદ્ધવિરામ ઉલ્લંઘન સામે સખત વાંધો ઉઠાવ્યો અને ચેતવણી આપી.



તમને જણાવી દઈએ કે પાકિસ્તાન તરફથી છેલ્લા છ રાતથી સતત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરના અખનૂર, નૌશેરા, સુંદરબની, બારામુલ્લા અને કુપવાડા જેવા ઘણા નિયંત્રણ રેખા સેક્ટરમાં પાકિસ્તાની ચોકીઓ પરથી નાના હથિયારોથી ગોળીબાર થઈ રહ્યો છે. હવે આ યુદ્ધવિરામ ઉલ્લંઘન આંતરરાષ્ટ્રીય સરહદ સુધી પહોંચી ગયું છે, જ્યાં ઈજીઋ ફક્ત પરગલ સેક્ટરમાં જ તૈનાત છે. ભારતીય સેના પાસે લગભગ ૨૦ પાકિસ્તાની ચોકીઓના ફોટોગ્રાફ્સ અને વીડિયો છે જ્યાંથી આ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાએ અત્યાર સુધી તોપખાના અને હવાઈ સંરક્ષણ બંદૂકોનો ઉપયોગ કર્યો નથી કારણ કે પાકિસ્તાન ફક્ત નાના હથિયારોનો ઉપયોગ કરી રહ્યું છે. ૧૫મી કોર્પ્સ અને ૧૬મી કોર્પ્સે ડીજીએમઓને પરિસ્થિતિ વિશે વિગતવાર માહિતી આપી છે.

ભારતીય લશ્કરી કાર્યવાહીની શક્યતાને ધ્યાનમાં રાખીને પાકિસ્તાની સેના અને નૌકાદળ હાઈ એલર્ટ પર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન વાયુસેનાએ તેના ફ્લાઇટ ઓપરેશનમાં ૫૦% થી વધુ ઘટાડો કર્યો છે અને ફક્ત જરૂરી મિશન જ હાથ ધરવામાં આવી રહ્યા છે જેથી એરસ્પેસમાં કોઈ મૂંઝવણ ન થાય. એક પાકિસ્તાની મંત્રીએ એમ પણ કહ્યું કે તેમને આગામી ૨૪-૩૬ કલાકમાં ભારત તરફથી હુમલો થવાની આશંકા છે. બીજી તરફ, કાશ્મીર ખીણમાં તાજેતરના પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારતીય સેના, પેરા યુનિટ, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને ઈછજીઋ એ આતંકવાદીઓ સામે સઘન કાર્યવાહી શરૂ કરી છે. સેના અનંતનાગમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. પુલવામા, શોપિયા, ત્રાલ વગેરે વિસ્તારોમાં, આરઆરના નાના જૂથો લશ્કર અને જૈશ જેવા સંગઠનોના આતંકવાદીઓને ભગાડી રહ્યા છે. ઉઊંઙ અને ઈછજીઋ ને ઘઋઠત ને ઓળખવા અને તેમના જોડાણો વિશે માહિતી એકત્રિત કરવાનું કામ સોંપવામાં આવ્યું છે.

વંશીય હિંસામાં ૨૫૦ થી વધુ લોકો માર્યા ગયા : હજારો લોકો બેઘર થયા' તા

# મણીપુર સરકારને પુનઃ સ્થાપિત કરવા માંગ

નવીદિલ્હી, તા. ૩૦

મણિપુરના ૨૧ ધારાસભ્યોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને રાજ્યમાં શાંતિ અને સામાન્યતા સુનિશ્ચિત કરવા માટે 'ચૂંટાયેલી સરકાર' પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી છે. હાલમાં મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે. કેન્દ્રએ ૧૩ ફેબ્રુઆરીના રોજ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદ્યું હતું, જ્યાં મે ૨૦૨૩ થી મેતેઈ અને કુકી-જો જૂથો વચ્ચે વંશીય હિંસામાં ૨૫૦ થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો બેઘર થયા છે.

મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજીનામું આપ્યા બાદ રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું. રાજ્ય વિધાનસભાનો કાર્યકાળ ૨૦૨૭ સુધી છે જે સ્થગિત કરવામાં આવ્યો છે. આ પત્ર પર ભારતીય જનતા પાર્ટીના ૧૩ ધારાસભ્યો, નેશનલ પીપલ્સ પાર્ટી (એનપીપી) અને નાગા પીપલ્સ ફ્રન્ટના ત્રણ-ત્રણ ધારાસભ્યો અને બે અપક્ષ ધારાસભ્યોએ સહી કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ''મણિપુરના લોકોએ રાષ્ટ્રપતિ શાસન લાદવાનું સ્વાગત કર્યું છે... ખૂબ જ આશા અને અપેક્ષા સાથે. જોકે, ત્રણ મહિના પસાર થવાના છે પરંતુ શાંતિ અને સામાન્યતા લાવવા માટે હજુ સુધી કોઈ દૃશ્યમાન કાર્યવાહી જોવા મળી નથી.''



લોકોમાં એવો ભય છે કે રાજ્યમાં ફરી હિંસા થઈ શકે છે. ઘણા નાગરિક સંગઠનો રાષ્ટ્રપતિ શાસન લાદવાનો ખુલ્લેઆમ વિરોધ કરી રહ્યા છે અને લોકપ્રિય સરકારની સ્થાપનાની માંગ કરી રહ્યા છે. ૧૦ એપ્રિલે લખાયેલા પત્રમાં, ધારાસભ્યોએ જણાવ્યું હતું કે, ''આ સંગઠનોએ જાહેર રેલીઓ, શેરી ખૂણાની સભાઓનું આયોજન કરવાનું શરૂ કર્યું છે, સામાન્ય લોકોને ઉશ્કેરવાનું શરૂ કર્યું છે, શાસક ધારાસભ્યો પર લોકપ્રિય સરકાર બનાવવાનો દાવો ન કરવાનો અને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની જવાબદારી નક્કી કરવાનો આરોપ લગાવ્યો છે.

આ પત્ર ગૃહ મંત્રાલયને ૨૯ એપ્રિલે મળ્યો હતો અને બુધવારે તેને જાહેર કરવામાં આવ્યો હતો. ધારાસભ્યોએ એમ પણ કહ્યું, ''અમારું માનવું છે કે ચૂંટાયેલી સરકારની રચના એ મણિપુરમાં શાંતિ અને સામાન્યતા લાવવાનો એકમાત્ર રસ્તો છે.'' જોકે, મણિપુર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ કે. મેઘચંદ્ર સિંહે રાજ્યપાલની અવગણના કરવા અને કેન્દ્રને પત્ર લખવા બદલ ૨૧ ધારાસભ્યોની ટીકા કરી છે. તેમણે આરોપ લગાવ્યો કે આ ધારાસભ્યોએ રાજ્યમાં સરકાર બનાવવાના પ્રયાસમાં બંધારણીય પ્રક્રિયાઓને અવગણીને કામ કર્યું, જે હાલમાં રાષ્ટ્રપતિ શાસન હેઠળ છે.

# આતંકવાદી હુમલાની સુપ્રીમમાં સુનાવણી

## ન્યાય કમિશનની રચનાની માંગ : ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા અને જઘન્ય હુમલાની નિષ્પક્ષ-સંપૂર્ણ તપાસ જરૂરી

નવીદિલ્હી, તા. ૩૦

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની તપાસ માટે નિવૃત્ત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના નેતૃત્વમાં ન્યાયિક કમિશનની રચના કરવાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટ આજે સુનાવણી કરશે. આ હુમલામાં ૨૬ પ્રવાસીઓ માર્યા ગયા હતા. કેન્દ્રશાસિત પ્રદેશના ત્રણ રહેવાસીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં સુપ્રીમ કોર્ટને આતંકવાદી હુમલાની જવાબદારી સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારને એક વિશેષ તપાસ ટીમની રચના કરવાનો નિર્દેશ આપવા વિનંતી પણ કરવામાં આવી હતી. અરજદારો - ફતેહ કુમાર શાહુ, મોહમ્મદ જુનૈદ અને વિક્કી કુમાર - એ કેન્દ્રશાસિત પ્રદેશના પ્રવાસી વિસ્તારોમાં નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે એક કાર્ય યોજના તૈયાર કરવા માટે કેન્દ્ર, જમ્મુ અને કાશ્મીર, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) અને નેશનલ ઇન્વેસ્ટિગેશન



એજન્સી (NIA) ને નિર્દેશ આપવાની માંગ કરી છે. આ અરજી એવા સમયે આવી છે જ્યારે સુરક્ષા અને અન્ય બાબતોની કેબિનેટ સમિતિ પહેલગામ આતંકવાદી હુમલા અને અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે મળી હતી. નિયંત્રણ રેખા (LoC) પર પાકિસ્તાન સેના દ્વારા કરવામાં આવેલા યુદ્ધવિરામ ઉલ્લંઘનનો ભારતે અસરકારક રીતે જવાબ આપ્યો છે. ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સે પણ આજે હોટલાઇન પર પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામ ઉલ્લંઘન અંગે ચર્ચા કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતે પાકિસ્તાનને નિયંત્રણ રેખા (LoC) અને આંતરરાષ્ટ્રીય સરહદ પર યુદ્ધવિરામ ઉલ્લંઘન સામે ચેતવણી આપી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૭-૨૮ એપ્રિલની રાત્રે કુપવાડા અને પૂંછ જિલ્લાના વિસ્તારોમાં યુદ્ધવિરામ ભંગનો સેનાએ ઝડપી જવાબ આપ્યો હતો.

કાશ્મીર ખીણમાં સુરક્ષા દળોએ આતંકવાદ વિરોધી કાર્યવાહી તીવ્ર બનાવી છે, ત્યારે પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામ ઉલ્લંઘનમાં વધારો થયો છે. સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ (CCS) એ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણીઓના સફળ સંચાલન અને આર્થિક વિકાસ અને વિકાસ તરફ તેની સતત પ્રગતિ પછી આ આતંકવાદી હુમલો થયો હતો. અરજીમાં સુપ્રીમ કોર્ટને વિનંતી કરવામાં આવી છે કે તે કેન્દ્ર સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના વહીવટીતંત્રને નિર્દેશ આપે કે ભવિષ્યમાં આ વિસ્તારમાં આવતા પ્રવાસીઓની સુરક્ષામાં કોઈ ખામી ન રહે. અરજદારોનું માનવું છે કે સત્ય બહાર લાવવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે આ જઘન્ય હુમલાની નિષ્પક્ષ અને સંપૂર્ણ તપાસ જરૂરી છે.



### અજાણ્યા તો ઠીક જાણીતા પણ ઘણીવાર કરી જાય છે ઘાઃ ઓફલાઇન-ઓનલાઇન ફ્રોડની બે ઘટના

# ભાગીદારીમાં દગાખોરીઃ કાપડના વેપારીને નવ કરોડનો ચૂનો

## બીજા એક બનાવમાં ઇન્સ્ટાગ્રામ પર જાહેરાત જોઇ રોકાણ કરતાં યુવાન છેતરાઇ ગયો

રાજકોટ તા. ૩૦

છેતરપીંડીના રોજબરોજ બની રહેલા કિસ્સાઓને કારણે પોલીસ પણ આ પ્રકારની ગુનાખોરી ઉકેલવામાં વધુને વધુ વ્યસ્ત રહેતી હોય છે. અજાણ્યા તો છેતરી જ જતાં હોય છે ઘણીવાર જાણીતા પણ ઘા કરી જતાં હોય છે. એક કાપડના વેપારીને ભાગીદારી ભારે પડી ગઇ હતી. ભાગીદારીમાં ધંધો ચાલુ કર્યા બાદ વેપારી સાથે ભાગીદારે દગાખોરી કરી અધધધ આઠ કરોડ નવ્વાણુ લાખનો ચૂનો લગાવી દીધો હતો. જ્યારે ઓનલાઇન ફ્રોડની એક ઘટનામાં ઇન્સ્ટાગ્રામ પર વિડીયો જોઇ રોકાણ કરનારા યુવાનને અડધો લાખ ગુમાવવાની વેળા આવી હતી.

ગઠીયાગીરીની ઘટના પર નજર કરીએ તો સુરતના ભરથાણાના કાપડ વેપારીએ ભાગીદારીમાં ધંધો કરવામાં ૮.૯૯ કરોડની રકમ ગુમાવી છે.ભાગીદારે વેપારીનું કંપનીમાંથી એડીશનલ ડિરેકટર પદ પરથી નામ હટાવી દઈ બે મિલો પૈકી એક મિલ બારોબાર વેચી મારી હતી. છેવટે વેપારી નવરતનમલ બૈદએ ક્રાઈમબ્રાંચમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે ભાગીદાર રાકેશ ફકીરચંદ સરાવગી (રહે. ક્રિષ્ણા વાટીકા,મુંબઈ)ની સામે ઠગાઈનો ગુનો દાખલ કર્યો છે. ભરથાણા-વેસુ ખાતે રામેશ્વરમ પેલેસમાં રહેતા અને ગ્રે-કાપડનો ધંધો કરતા ૫૨ વર્ષીય વેપારી નવરતનમલ તુલસીરામ બૈદ સાથે વરાકેશ સરાવગી સાથે ઓળખાણ થઈ હતી.

વેપારીને પલસાણા ઈકો પાર્કમાં જે.બી. સિન્ટેક્સ પ્રા.લિ.મીલમાં રાકેશ સરાવગીએ પાર્ટનર તરીકે જોડાવવાની વાત કરી હતી. વેપારીએ મીલમાં જોવા જતા પહેલા તેઓએ જોબવર્ક કરવાની વાત કરી બાકી ભાગીદારીના ના પાડી દીધી હતી. પછી ભાગીદારે તેઓને એક પોર્શન ભાડે લેવાનું અને બીજામાં પોર્શનમાં જોબવર્કની વાત કરી હતી. જેમાં એક પોર્શનનુ




માસિક ભાડું ૬ લાખ અને જોબવર્કમાં ૫૦ ટકા પ્રોફીટની વાત નક્કી થઈ હતી.જ્યારે ભાગીદારે તેના પિતા સાથે આવી વેપારીને કહ્યું કે મારે મીલ વેચવી પડશે મને પ્રેશર છે અને જમીન છુટ્ટી કરવાની છે એટલે પૈસા આપવાના છે. એમ કહી વેપારીને મીલમાં ૫૦ ટકા ભાગીદાર તરીકે રાખ્યો હતો. જ્યારે બીજી મીલ મોર્ગેજ છે. એમ કહી ભાગીદારે થોડા રૂપિયા નાખવા પડશે અને તેમાં ડીરેક્ટર તરીકે રાખીશ, પછી વેપારીએ જે. બી.સિન્ટેક્સ -ા.લિમાં ૧.૮૩ લાખનો ચેક અને ક્યુબાટીક્સ ઈન્ડસ્ટ્રીયઝ કંપનીમાં ૫.૦૩ કરોડ તેમજ રોકડેથી ૨.૧૩ કરોડ મળી ૮.૯૯ કરોડની રકમ આપી હતી.

ભાગીદારે વેપારીને શેર સર્ટિફિકેટ અને અન્ય ભાગીદારોના નામે ટ્રાન્સફર કરવાના હતા. આરોપી ભાગીદારો તરીકેના નામ ટ્રાન્સફર ન કરી ગલ્લા તલ્લા કરતા હતા. ઉપરથી તેઓ પાસે બીજા રૂપિયાની માંગણી કરી હતી. પછી તેઓ વોટસએપ ગૃપમાંથી વેપારી અને તેના ભાગીદારોને કાઢી નાખ્યા હતા. જ્યારે કર્મચારીઓને પણ છુટ્ટા કરી દીધા હતા. એટલું જ નહિ તેઓની ખુરશી પર કેબીનમાંથી બહાર કાઢી નાખી સિક્યુરિટી ગાર્ડને તેઓને એન્ટ્રી ન આપવા સુધીની વાત કરી દીધી હતી. વધુમાં રાકેશ સરાવગીએ પલસાણાની મીલ વેપારીની જાણ વગર બારોબાર વેચી મારી અને જોળવા ખાતેની મીલ વેચાણ કરવાની ફિરાકમાં હતો. અંતે ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ થઇ હતી.

ઠગાઇના અન્ય એક બનાવમાં કામરેજના શ્યામવિલામાં રહેતા ધર્મેશ મનસુખભાઈ બારૈયાએ ઈન્સ્ટાગ્રામ મારફતે બાદશાહ બ્રોકિંગ ઇન્સ્વેસ્ટમેન્ટ વોટ્સએપ ચેટ લીંક ઓપન કરી હતી વિગતો મેળવ્યા બાદ રોકાણના નામે પચાસ હજાર ટ્રાન્સફર કર્યા હતા.વિદેશની માર્કેટમાં રોકાણ કરતા હોય ચાર કલાક બાદ રીટર્ન આપવાની વાત કરી હતી.પરિસ્થતિ પામી ગયેલા આગળ રોકાણની મનાઈ ફરમાવી દીધી હતી.પોતાની રોકાણ વાળી રકમ પરત માંગતા એક્સેન્જ પેટે વધુ ૩૫ હજાર ચૂકવે તો પરત કરવાની વાત કરી હતી.આખરે છેતરપિંડીનો ભોગ બનેલા ધર્મેશે આ અંગે કામરેજ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ હતી.

# ગોળ વિક્રેતાઓ પર આરોગ્ય વિભાગના દરોડા

## પરાબજારમાં આવેલા વિક્રેતાઓ પર તવાઈઃ નમુના લેબોરેટરીમાં મોકલાયા , રાજય સરકારના આદેશ બાદ હાથ ધરાઈ ઝુંબેશ





રાજકોટ, તા.૩૦

ઉનાળાની ઋતુમાં લોકોને બહાર ન નીકળવાની તો સલાહ આપવામાં આવતી હોય છે પરંતુ તેની સાથોસાથ વાસી ખોરાક ખાવા ઉપર પણ રોગ મૂકવામાં આવે છે આ માટે આરોગ્ય વિભાગ દ્વારા એક વખત નહીં મને એક વખત અપીલ કરવામાં આવી છે તો બીજી તરફ અખાદ્ય ચીજ વસ્તુઓનું વેચાણ કરતા વિક્રેતાઓ ઉપર પણ તવાઈ બોલાવવામાં આવી રહી છે અને ખાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવતી હોય છે. ત્યારે ગઈકાલે આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને અખાદ્ય જથ્થો મળી આવે તો તેનો નાશ પણ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં લોકો ઉનાળાની ઋતુમાં વધુને વધુ ફ્રુટ લેવાનું પસંદ કરતા હોય છે પરંતુ ફ્રુટના વિક્રેતાઓ તેઓને વાસી ફ્રુટ ધાબડી દેતા હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી હતી જે બાદ સર્વેદન સ્ટીમ દ્વારા ખાસ ચેકિંગ કરવામાં આવ્યું અને તેમાં જાણવા મળ્યું કે ન્યુ જાગનાથમાં આવેલા શ્રીરામ ફ્રુટ કોલ્ડ્રિંક્સ આ પ્રકારનો વાસી ખોરાક રાખે છે ત્યારે પેઢીની તપાસ હાથ ધરતા ત્યાં સંગ્રહ કરેલો અને કાપેલો વાસી ફ્રુટ નો આશરે ત્રણ કિલો જથ્થો મળી આવ્યો હતો અને તેનો સ્થળ પર જ નાશ કરાયો હતો.

મહાનગરપાલિકાની ફૂટ શાખાની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું તેમાં ખાસ સુચના મળતા પરા બજાર ની જાણીતી પેઢી માંથી બ્રાન્ડેડ અને લુઝ એવા ગોળના નમુના લેવામાં આવ્યા હતા અને તેઓને લેબોરેટરી પરીક્ષણમાં મોકલવામાં આવ્યા. હાલ જે વિગતો મળી રહી છે તેમાં સમગ્ર રાજ્યમાં ગોળની ગુણવત્તા ચકાસવા માટે વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી જેના ભાગરૂપે પર આ બજાર મેઈન રોડના ગોળ પીઠ વિસ્તારમાં આવેલા ગોકુલ ટ્રેડર્સ, જયદીપ ટ્રેડર્સ, અલી હુસેન બદરૂદ્દીન, ભારમલ પેઢીમાંથી કોલ્હાપુરી ગોળ અને શ્રીજી શુદ્ધ દેશી પેકેડ ગોળ નમુના અર્થે લેવામાં આવ્યા હતા. તો બીજી તરફ કંદોઈ બજારના ખૂણે આવેલા અજયભાઈ ભરતભાઈ સોમૈયા ની પેઢીમાંથી કોલ્હાપુરી ગોડ અને સુખડી ગોળના નમૂના પણ લેવાયા હતા. હાલા તમામ લીધેલા નમુના લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે જેમાં સત્ય હકીકત માલુમ પડશે કે ખરાબમાં ગોળની ગુણવત્તા કેટલા અંશે વ્યાજબી છે શું તે ખાવા લાયક છે કે કેમ કારણકે સરકારનો સીધો આદેશ હોવાથી ખાસ બોર્ડના વિક્રેતાઓ ઉપર જ આરોગ્યના ફૂડ વિભાગ દ્વારા તવાઈ બોલાવવામાં આવી હતી. આ ઉપરાંત પરાબજાર મેઈન રોડના મે.અંદરજી ગોકળદાસ ગોળવાળાને ત્યાંથી રાજમણી શુધ્ધ દેશી ગોળ તથા કોલ્હાપુરી ગોળ, પિતાંબરદાસ ભવાનભાઇ કકકડની પેઢીમાંથી શુધ્ધ દેશી ગોળ તથા અન્નપૂર્ણા ટ્રેડર્સમાંથી આદિનાથ દેશી ગોળના સેમ્પલ લઈને લેબોરેટરી તપાસમાં મોકલવામાં આવ્યા છે.

છેલ્લા ઘણા સમયથી વાસી ખોરાક ફૂડ વિભાગ દ્વારા પકડવામાં આવી રહ્યો છે ત્યારે એ વાત તો સ્પષ્ટ છે કે જે અંકુશ સરકારી વિભાગનો હોવો જોઈએ તે જોવા મળતો નથી કારણ કે એવી કોઈ ગંભીર સજા ન હોવાના કારણે આવો દ્વારા મુક્ત મને અને બેવફા કામગીરી કરવામાં આવતી હોય છે ત્યારે ખરા અર્થમાં જો આરોગ્ય વિભાગ અને ફૂડ વિભાગ યોગ્ય રીતે ધોકો પછાડે અને કડક કાયદાની અમલવારી કરાવે તો કદાચ વાર્ષિક ખોરાક નો ઉપયોગ મહદંશે ઘટી શકે.

### આંતરરાષ્ટ્રીય શ્રમયોગી દિવસ

# ‘અંત્યોદય શ્રમ સુરક્ષા અકસ્માત વીમા’ યોજના શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય

## વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્ય સરકારના ઈ-નિર્માણ પોર્ટલ પર ૩૦ હજારથી વધુ શ્રમિકોની નોંધણી

રાજકોટ, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના વિકસિત ભારત૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવા સંગઠિત તેમજ અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. સશક્ત, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારત માટે શ્રમયોગીઓનું સશક્તિકરણ ખૂબ જરૂરી છે, જે અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકાર શ્રમયોગીઓના કલ્યાણ પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને અનેકવિધ નવી યોજનાઓ અમલી બનાવી રહી છે. સમગ્ર વિશ્વમાં દર વર્ષે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મે માસની ૧લી તારીખે ‘આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ’ કે ‘મે દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને શ્રમ-રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતના નેતૃત્વમાં શ્રમયોગીઓની સતત ચિંતા કરીને રાજ્ય સરકાર દ્વારા શ્રમયોગીઓ માટે અનેકવિધ યોજનાઓનું અમલીકરણ સુપેરે કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે શ્રમયોગીઓ માટે પ્રાયોગિક ધોરણે ‘અંત્યોદય શ્રમ સુરક્ષા અકસ્માત વીમા’ યોજના શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે, જે રાજ્ય સરકારની શ્રમયોગીઓના વિકાસ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ ઉપરાંત બાંધકામ શ્રમિકોની નોંધણી માટે ‘ઈ-નિર્માણ પોર્ટલ’ તેમજ CSC, ઈ-ગ્રામ કેન્દ્ર તથા ધન્વંતરી આરોગ્ય રથ પરથી ઈ-નિર્માણ સ્માર્ટકાર્ડ આપવામાં આવે છે. જે અંતર્ગત ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ઇ-નિર્માણ પોર્ટલ પર કુલ ૩૦ હજારથી વધુ શ્રમિકોની નોંધણી કરવામાં આવી છે.

રાજ્યના શ્રમયોગીઓને તાલીમ, શિક્ષણ અને સંશોધન માટે રાજ્ય સરકાર દ્વારા કાર્યરત મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન નામની સ્વાયત્ત સંસ્થાન વિવિધ કાર્યો કરી રહી છે. રાજ્યમાં ‘ધન્વંતરી આરોગ્ય રથ’ યોજના અંતર્ગત બાંધકામ સાઈટ તથા શ્રમિક વસાહતોમાં જઈને પ્રાથમિક આરોગ્ય તપાસ તેમજ બાંધકામ શ્રમિકોની નોંધણી કરવામાં આવે છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪ના ડિસેમ્બર માસ સુધીમાં કુલ ૩૬ લાખ ઓ.પી.ડી. થકી સારવાર પાછળ રૂ. ૩૯ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. શ્રમિકોને સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા માત્ર ૫ રૂપિયામાં શ્રમિકોને શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત ભોજન કરાવવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યના ૧૯ જિલ્લામાં કુલ ૨૯૧ કડિયાનાકા પર ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં રૂ. ૫૪ કરોડના ખર્ચે કુલ ૧.૧૬ કરોડથી વધુ શ્રમિકોને ભોજન વિતરણ કરવામાં આવ્યું છે.

તદ્‌પરાંત રાજ્યમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકોના બે બાળકો માટે ધોરણ-૧થી પી.એચ.ડી. સુધીના અભ્યાસ માટે શિક્ષણ સહાય તેમજ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને રૂ. ૫૦ હજાર તથા મેડિકલના વિદ્યાર્થી ઓને રૂ. ૨ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. તેવી જ રીતે મહિલા બાંધકામ શ્રમિકને પ્રસૂતિ સહાય તેમજ મુખ્યમંત્રી ભાગ્ય લક્ષ્મીબોન્ડ યોજના અન્વયે બાંધકામ શ્રમિકની એક દીકરીના નામે રૂ. ૨૫ હજારના બોન્ડ ૧૮ વર્ષની મુદ્દતે આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં કુલ ૧,૦૦૦થી વધુ શ્રમિકોને રૂ. ૩.૫૩કરોડની સહાય આપવામાં આવી છે.

રાજ્ય સરકારના ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ‘મોબાઈલ મેડિકલ વાન’ યોજના અંતર્ગત ગત વર્ષ ૨૦૨૪ દરમિયાન રૂ. ૪.૪૧ કરોડના ખર્ચે ૬ લાખથી વધુ લાભાર્થીઓની વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ કરીને જરૂર જણાયે નિઃશૂલ્ક દવાઓ તથા અન્ય પ્રાથમિક સારવાર પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત શૈક્ષણિક પુરસ્કાર યોજના અંતર્ગત ૭૦થી વધુ પર્સન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થી ઓ પૈકી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને રૂ. ૨,૫૦૦ તેમજ ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને રૂ. ૫,૦૦૦ સહાય આપવામાં આવે છે.

ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ગુજરાત સામૂહિક જૂથ અકસ્માત વિમા યોજના અને અસંગઠિત શ્રમયોગીઓ માટે અંત્યેષ્ઠી સહાય યોજના અંતર્ગત જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં અનુક્રમે રૂ. ૩.૪૩ કરોડ અને રૂ. ૨.૨૮ કરોડથી વધુ સહાય ચૂકવવામાં આવી છે, આ યોજનાઓમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી ૧૦૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ સિવાય રાજ્યના અકિક વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકોનું સિલોકોસીસના ગંભીર રોગથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગે સુરક્ષા યોજનામાં જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં કુલ ૨૪ શ્રમયોગીઓને રૂ. ૪૮ લાખની સહાય આપવામાં આવી છે. આ યોજનામાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી ૩૦૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને એક જ જગ્યાએથી વિવિધ યોજનાઓનો લાભ મળી રહે તે માટે કેન્દ્ર સરકારના ઈ-શ્રમ પોર્ટલ પર રાજ્યના ૧.૨૦ કરોડથી વધુ શ્રમિકોએ પોતાની નોંધણી કરાવી છે.

### નોકરીના સમયમાં પણ ફોનમાં ગેમ રમતો રહેતો હોઇ છુટો કરી દેવામાં આવતાં દાઝ રાખી હતી

# શેઠના ફોનમાંથી પુર્વ કર્મીએ બારોબાર લાખો ઉસેડી લીધા

## કાઢી મુકાયો પછી ઓર્ડર આપવાના બહાને ફેંટાની દુકાને આવી ફોનમાંથી સત્તર લાખ તોંતેર હજાર પત્નિ, માતા અને પોતાના ખાતામાં મોકલી દીધા!

રાજકોટ તા. ૩૦

અમુક પેઢીઓ, કંપનીઓ, ફેક્ટરીઓમાં કર્મચારીઓ એવી પ્રમાણીકતાથી અને મહેનતથી કામ કરતાં હોય છે કે જે તે પેઢીના શેઠ સંચાલકોને આવા કર્મચારીઓ પ્રત્યે ભરપુર માન સન્માન હોય છે અને તેમને તેમના સારા કામના બદલામાં સન્માનીત પણ કરતાં હોય છે. પરંતુ અમુક કર્મચારીઓ એવા પણ હોય છે જે જેનું ખાય ત્યાં જ ખોદતા હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક ફેંટા-સાફાની દુકાનમાં પાર્ટટાઇમ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતાં શખ્સને તે નોકરીના સમય દરમિયાન પણ સતત મોબાઇલ ફોનમાં ગેમ રમ્યા કરતો હોવાથી શેઠે નોકરીમાંથી છુટો કરી દીધો હતો. આ બાબતની તેને દાઝ હોઇ તે શેઠની દુકાને ઓર્ડરના બહાને ગયો હતો અને શેઠની જાણ બહાર તેમના મોબાઇલ ફોનનો ઉપયોગ કરી શેઠના ખાતામાંથી પોણા અઢાર લાખ જેવી માતબર રકમ પોતાની પત્નિના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધી હતી!

આ ઘટનાની વિસ્તૃત વિગતો પર નજર કરીએ તો નાના વરાછા કિરણચોકમાં દુકાન ધરાવતા ફેંટાના વેપારીને ત્યાં પાર્ટટાઈમ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા મૂળ ભાવનગરના યુવાને તેમની જાણ બહાર પોતાના પત્નિના અને માતાના એકાઉન્ટમાં રૂ.૧૭.૭૩ લાખ ટ્રાન્સફર કરી દેતા કાપોદ્રા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે વિગતો આપતાં કહ્યું હતું કે મુળ ભાવનગર પાલીતાણા સગાપરાના વતની અને સુરતમાં નાના વરાછા કિરણચોક ભગવતીકૃપા સોસાયટી બી/૨૦૩ માં રહેતા ચોત્રીસ વર્ષીય અનિલભાઇ રામજીભાઇ ખુંટ ભગવતીકૃપા સોસાયટી એ-૩૮ માં અવસર ફેંટાના નામે ફેંટા અને સાફાની દુકાન ધરાવે છે.ગત નવેમ્બર મહિનામાં એકાઉન્ટન્ટની જરૂર હોય તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામમાં પાર્ટટાઈમ નોકરી અંગે જાહેરાત મૂકી હતી,તે જોઈને મૂળ ભાવનગર મહુવા બગદાણાનો વતની અને સુરતના પાસોદરા શાલીગ્રામ ઓમ પેલેસ એસ/૪૦૧ માં રહેતો ધ્રુવકુમાર દિનેશભાઇ ઉર્ફે દિનકરભાઇ પંડયા તેમની દુકાને આવ્યો હતો અને રૂ.૧૮ હજારના પગારથી નોકરીએ જોડાયો હતો.

ધ્રુવ દુકાનના એકાઉન્ટમાંથી અનિલભાઈના પિતા અને ભાઈના એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરતો હોય તેની વિગતો તેની પાસે હતી. દરમિયાન ધ્રુવ વ્યવસ્થિત કામ કરતો ન હોય અને મોબાઈલમાં ગેમ રમતો હોય તેને નોકરીમાંથી છૂટો કર્યો હતો. તેના ગણતરીના દિવસો બાદ




શેરબજારમાં રોકાણના નામે ટેલિગ્રામ ગ્રુપમાં એડ કરી આંબા આંબલી બતાવી યુવાનને છેતરી લેવાયો

તે દુકાને આવ્યો હતો અને ઓર્ડર આપવાનો છે કહી ફેંટા-સાફાની પીડીએફ નાખવા માટે અનિલભાઈનો ફોન માંગતા તેમણે આપ્યો હતો. થોડીવાર બાદ તે ફોન આપીને ત્યાંથી ચાલ્યો ગયો હતો.પાંચ દિવસ બાદ એક ગ્રાહકના ઓનલાઈન પેમેન્ટમાં ઈસ્યુ આવતા અનિલભાઈએ બેન્કમાં તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે તેમના એકાઉન્ટમાંથી બે દિવસ પહેલા રૂ.૧ લાખ અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા છેષ્ટ પોતે પૈસા ટ્રાન્સફર કર્યા ન હોય તે ધ્રુવ પર શંકા જતા તે અંગે વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ધ્રુવે અલગ અલગ દિવસે તેમની જાણ બહાર પોતાના, પત્નિ અક્ષિતા અને માતા હંસાબેનના એકાઉન્ટમાં કુલ રૂ.૧૭,૭૩,૨૯૪ ટ્રાન્સફર કરી દીધા હતા. આ અંગે અનિલભાઈએ ત્રણેય વિરુદ્ધ કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા સેકન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર.સોલંકીએ વધુ તપાસ શરૂ કરી છે.

બીજા એક બનાવમાં નડિયાદના માતર તાલુકાના લીંબાસીના રહેવાસીને શેર બજારમાં રોકાણ કરી ત્રણ ગણો નફો કમાવવાની લાલચ આપી ગઠિયાએ રૂ.૧,૩૭,૦૦૦ ના આપી છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે લીંબાસી પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. માતર તાલુકાના લીંબાસીમાં રહેતા મયુરભાઈ રબારીને શેર બજારમાં અંદાજિત રૂપિયા સવા એક લાખનું નુકસાન થયું હતું. નુકસાન રિકવર કરવા ટેલિગ્રામ ગ્રુપમાં મેમ્બર બન્યા હતા. દરમિયાન અજાણ્યા નંબર ઉપરથી તેમના ફોન પર વોટ્સએપથી અજાણી વ્યક્તિએ વાત કરી હતી. આ વ્યક્તિએ શેર બજારમાં દુકાનમાં સીસીટીવી ક્રિપ્ટોનમાં પૈસાનું રોકાણ કરી તમારા પૈસા એક દિવસમાં ત્રણ ગણા કરી આપીશું તેવી લોભામણી વાતો કરી વિશ્વાસમાં લીધા હતા.

ત્યારબાદ સામાવાળી વ્યક્તિએ યુપીઆઈ કોડ મોકલી એકાઉન્ટ વેરિફિકેશનના નામે અલગ અલગ સમયે કુલ એક લાખ સાડત્રીસ હજાર ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ તમે રૂપિયા છ લાખ જીત્યા છો નો સ્ક્રીનશોટ મોકલી ત્રણ દિવસમાં પૈસા જમા થઈ જશે. પરંતુ પૈસા જમા ના થતા ગઠિયો સર્વર ડાઉન છે તેવા બહાના બતાવતો હતો. આ બાબતે જે તે સમયે મયુરભાઈ રબારીએ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ઉપર ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે મયુરભાઈ રબારીની ફરિયાદ આધારે લીંબાસી પોલીસે અજાણ્યા મોબાઈલ નંબર ધારક સામે આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાત સ્થાપના દિવસ

## ગુજરાત નિકાસના ક્ષેત્રમાં પણ અવ્વલ

આ ઉપરાંત ગુજરાત નિકાસના ક્ષેત્રમાં પણ અગ્રણી સ્થાન ધરાવે છે. ભારતમાં થતી કુલ નિકાસનો આશરે 30 ટકાથી વધુ હિસ્સો ગુજરાત ધરાવે છે. આમાં મુખ્યત્વે પેટ્રોકેમિકલ, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઇલ, સેરામિક્સ, જેમ એન્ડ જવેલરી, કેમિકલ્સ અને ફાર્મા ઉત્પાદનોનો સમાવેશ થાય છે. એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કુલ ૮૮.૧૬ બિલિયન યુ.એસ. ડોલરની નિકાસ સાથે દેશમાં ગુજરાતનો હિસ્સો ૨૭.૪૦ ટકા હતો. ગુજરાત પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે દેશભરમાં મોડલ સ્ટેટ તરીકે સાબિત થયું છે. છેલ્લા ૨૦ વર્ષોમાં રાજ્ય સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રોને પ્રોત્સાહન પૂરું પાડવા ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી, ટુરિઝમ પોલિસી, સેમિકન્ડક્ટર પોલિસી જેવી વિવિધ પોલિસી જાહેર કરી છે.

## વિકાસની રાજનીતિના નવીન અધ્યાય થકી

# ગુજરાત દેશનું 'રોલ મોડેલ'

**'વિકસિત ભારત'ના લક્ષ્યને હાંસલ કરવામાં ગુજરાત મહત્વપૂર્ણ રાજ્ય : દેશના GDPમાં ગુજરાતનો ફાળો ૮.૨ ટકા**

**ભારતની કુલ નિકાસનો આશરે 30 ટકાથી વધુ હિસ્સો ગુજરાત પાસે : GST આવકમાં ગુજરાતનો ફાળો ૮ ટકા**

રાજકોટ, તા. 30

ગુજરાત વર્ષોથી સંસ્કાર, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને વિકાસની ભૂમિ રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧માં વિકાસનો પાયો નાંખ્યો અને છેલ્લા બે દાયકા કરતાં વધુ સમયથી રાજ્ય સરકારના હકારાત્મક અભિગમ તેમજ જન ભાગીદારી થકી રાજ્યમાં વિકાસનો નવો અદયાય શરૂ થયો છે. જેના પરિણામે છેલ્લા બે દાયકાથી ગુજરાત દેશમાં વિકાસની રાજનીતિના નવા અદયાય થકી સતત રોલ મોડલ પુરવાર થઈ રહ્યું છે.



સૌ ગુજરાતીઓએ ગૌરવ થાય એવા ગુજરાતના ૬૫માં સ્થાપના દિન ૧લી મેએ આપણે આ અવિરત વિકાસ યાત્રાને વધુને વધુ આગળ વધારવા સંકલ્પબદ્ધ બનવું જ રહ્યું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આજ માર્ગે રાજ્યની વિકાસ યાત્રાને આગળ ધપાવી રહ્યા છે. જેના પરિણામે ગુજરાત એ ભારતની વસતિના ૫ ટકા અને જમીનનો ૬ ટકા ભાગ ધરાવે છે તેમ છતાં દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. વડાપ્રધાનના 'વિકસિત ભારત'ના લક્ષ્યને હાંસલ કરવા ગુજરાત દેશના GDPમાં ૮.૨ ટકા ફાળો આપી રહ્યું છે. જ્યારે ભારતના ટોચના પાંચ અર્થતંત્ર ધરાવતા રાજ્યોમાં ગુજરાત સ્થાન ધરાવે છે.

ગુજરાત ગૌરવશાળી ભૂતકાળ ધરાવતું રાજ્ય છે અને ભવિષ્ય માટે પહેલ કરતી અગ્રગણ્ય શક્તિ છે. અહીં મંદિર છે તો મોલ પણ છે, અહીં રણ ઉત્સવ છે તો ગિફ્ટ સિટી પણ છે. અહીં આધુનિક બાંધકામ છે તો પર્યાવરણને કેન્દ્ર સ્થાને રાખતાં ગ્રીન બિલ્ડિંગ્સ પણ છે. ગિફ્ટ સિટી, સાયન્સ સિટી, ધોલેરા સ્માર્ટ સિટી, મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વ્હાઈટ રેવિન્યુ જનરેટિંગ પોર્ટ્સ આવી અનેક યોજનાઓ ગુજરાતને નેશનલ લીડરશિપ તરફ લઈ જઈ રહી છે. ગુજરાત આજે માત્ર ઔદ્યોગિક રાજ્ય નથી. તે હવે એક ટેક-સેવી, સ્ટાર્ટઅપ-મૈત્રીપૂર્ણ અને ઈનોવેશનને પોષતું રાજ્ય બની ચૂક્યું છે. ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી સ્ટાર્ટપ ક્ષેત્રે પ્રથમ નંબરે છે. આજે ગુજરાત ગિફ્ટ સિટી ભારતનું પહેલું ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર IFSC હોવાના ગૌરવ સાથે જોડાયેલું છે. અહીં બ્લોકચેનથી લઈને AI, ફિનટેક સ્ટાર્ટઅપ્સ સુધીની સર્વિસ ઉપલબ્ધ છે.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિવહન

'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પ્રવાસનના ક્ષેત્રે ભારતનું સૌથી મોટું કેન્દ્ર બન્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં લાખો પ્રવાસીઓના દૈનિક પ્રવાહથી સ્થાનિક અર્થતંત્રમાં ઉછાળો આવ્યો છે. પ્રથમ સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ સિટી તરીકે ધોલેરા ઝડપથી વિકાસ પામી રહ્યું છે. અહીં ઈ-વેહિકલ, રીન્યુએબલ એનર્જી અને ડેટા સેન્ટર્સમાં મોટાપાયે રોકાણ થયું છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન ભવિષ્ય તરફ દોડતા ગુજરાતની સાક્ષી પુરે છે.

## ગુજરાત એક સાંસ્કૃતિક મેળાપનું ઉદાહરણ

ગુજરાતનો ઈતિહાસ શરૂઆતથી જ ખૂબ જ વૈભવશાળી રહ્યો છે. લોથલ અને ધોળાવીરા જેવી સિંધુ ખીણ સંસ્કૃતિની સાઈટ્સથી લઈને મહાત્મા ગાંધીના જન્મસ્થળ પોરબંદર સુધી, ગુજરાતે ભારતના ઈતિહાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. શ્રી કૃષ્ણના દ્વારકા ધામથી લઈને સુફી સંસ્કૃતિ સુધી, ગુજરાત એક સાંસ્કૃતિક મેળાપનું પણ ઉદાહરણ છે.ગુજરાતના પનોતા પુત્ર અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત માર્ગદર્શન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તેમજ ગુજરાતીઓના અથાક પરિશ્રમથી ભારતના અર્થતંત્રમાં ગુજરાત એક મહત્વપૂર્ણ અને શક્તિશાળી રાજ્ય તરીકે વિશેષ સ્થાન ધરાવે છે.

## ડિજિટલ ગુજરાત ગામથી ગ્લોબલ સુધી

ગુજરાત આજે ડિજિટલ ગવર્નન્સમાં પણ આગવું સ્થાન ધરાવે છે. ઈ ગ્રામ વિશ્વગ્રામ, ડિજિટલ સેવા સેતુ, જેવી યોજનાઓથી ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ટરનેટ અને સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બની છે. હવે માત્ર શહેર નહીં, ગામડાં પણ ટેક્નોલોજીથી જોડાયા છે. ગરવી એપ દ્વારા હવે વિદેશમાં રહેતા ગુજરાતીઓ પણ પોતાની મિલકતો અને જમીન સંબંધિત કામગીરી ઓનલાઇન કરી શકે છે. ગુજરાત માત્ર ભારતમાં નહિ, પરંતુ ગ્લોબલ ગુજરાતી સમુદાયને જોડે છે.

## ઔદ્યોગિક વિકાસ અને રોકાણ

ગુજરાતે દેશ-વિદેશના રોકાણકારોને આકર્ષવા માટે 'વાઈબ્રન્ટ ગુજરાત સમિટે' સફળતાઓ હાંસલ કરી છે. વર્ષ ૨૦૨૪માં તેની ૧૦મી આવૃત્તિ યોજાઈ હતી. છેલ્લા બે વર્ષમાં ટેસલા, માઈક્રોન, ફોક્સકોન જેવી આંતરરાષ્ટ્રીય ટેક કંપનીઓએ ગુજરાતમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપવા માટે પ્રસ્તાવ મૂક્યા છે. આ ઉપરાંત સેમી કન્ડક્ટર પોલિસી જાહેર કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

# હું ગુજરાત છું



હું ગુજરાત છું મારો ઈતિહાસ પ્રાચીન અને ભવ્ય છે
પહેલા હું અપ્રાંત અને પછી આનર્ત, લાટ અને છેલ્લે
ગુર્જરના નામે ઓળખાતું આજે સૌ મને ગુજરાત કહે છે

હું એ ધન્યધરા છું જ્યાં શ્રી કૃષ્ણને શાક્ષાત આવું પડ્યું
૧૨ જ્યોર્તિલિંગમાનું પ્રથમ સોમનાથ જ્યાં ઘુઘવાટા મારતો
સાગર છે
મારા પર શક્તિપીઠ અંબા અને બહુચરા, મહાકાળીના
આશીર્વાદ છે
વિવિધ રંગો ધરાવતું અને ઘણા રંગમાં વહેચાયેલું
હું ગુજરાત છું

સૌથી તંદુરસ્ત ગણાતું ગુજરાતી ભોજન વિશ્વભરમાં મારી
ઓળખ છે
મોક્ષદાયિની નર્મદા, માં સરસ્વતી મારી જીવાદોરી છે
ડાલામથાની દહાડ, ગીરના નેહડા અને દુનિયાને વળગેલી
કેસર કેરી
મારી જ ઉપજ છે..

ગીરનાર મારી ઐતિહાસિકતાનું પ્રતિક છે
ડાયરા અને કવિઓ તો મારી જાગીર છે
કલા સંસ્કૃતિની તો ધરોહર છું હું
નવરાત્રીનો થનગનાટ પગમાં છે
તો જલેબી ફાફડા અને હરવું-ફરવું મારી રગ-રગમાં છે

સદાય ધમધમતું રંગીલું રાજકોટ, ડાયમંડ સીટી સુરત અને
અમદાવાદ તો મારા હાથ-પગ છે
ધરતીમાં જ્યાં-જ્યાં સૂર્યનું કિરણ પહોંચે
ત્યાં સુધી મારી પ્રજા, મારા ગુજરાતીઓ છે

**હા વટથી હું ગુજરાતી છું**

-વિધિ ભટ્ટી



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ગરમી છે, ધગારો નથી!

## રાજકોટમાં શંકાસ્પદો સામે તંત્ર ધગતું નથી



અમદાવાદમાં થયેલા મહાઓપરેશનના સમાચાર દેશભરમાં મચક્યા. ગુજરાત સરકારની આક્રમક કાર્યવાહીથી ઘૂષણખોરોથી માંડીને અસામાજિક તત્વોને સ્પષ્ટ સંદેશ મળી ગયો છે. અમદાવાદ બાદ જૂનાગઢમાં પણ ઐતિહાસિક ડીમોલિશનની કાર્યવાહી શરૂ થઇ ગઇ છે.

હાલ ઉનાળાના દિવસો ચાલે છે. સમગ્ર ગુજરાતમાં રાજકોટ સૌથી વધારે ગરમ શહેર જાહેર થયું છે. રાજકોટમાં ૪૬ ડિગ્રીથી વધારે તાપમાનનો પારો પહોંચી ગયો છે. રાજકોટ ગરમા ગરમ છે. પણ, ધગારો જોવા મળતો નથી. શંકાસ્પદ તત્વો સામે રાજ્યના અનેક સ્થાનો પર નિર્ણાયક ઓપરેશન્સ ચાલી રહ્યા છે. પણ, રાજકોટનું તંત્ર ધગતું નથી. અધિકારીઓ એસીમાં ઠીંગરાઇ ગયા હોય તેમ લાગે છે.

રાજકોટની સ્થિતિ સામાન્ય નથી. ભૂતકાળના રેફરન્સથી મુદ્દો સમજવા જેવો છે. ગોધરાકાંડ બાદ ગુજરાતના અને વિસ્તારોમાં કોમી તોફાનો ફાી નીકળ્યા હતા. આ સમયે ચેડા છમકલાને બાદ કરતા સૌરાષ્ટ્ર પ્રમાણમાં શાંત હતું. સામાજિક સ્થિતિના અભ્યાસુઓ કહે છે કે, રાજ્યના તોફાનગ્રસ્ત વિસ્તારોમાંથી અનેક લોકોએ હિજરત સૌરાષ્ટ્ર-રાજકોટ તરફ કરી હતી. આ ઘટના બાદ સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ધીમે ધીમે અશાંત બનવા લાગ્યા છે. આજે શંકાસ્પદ વસ્તી અનેક એરિયામાં ફેલાઇ ગઇ છે. હાલ અમદાવાદમાં મહાઓપરેશન ચાલે છે. શંકાસ્પદો સૌરાષ્ટ્ર તરફ ફંટાતા નથી ને?

આ પ્રશ્ને આપણે સજાગ અને ગંભીર બનવું અનિવાર્ય છે. છેલ્લા વર્ષોમાં રાજકોટના ગુન્હાખોરી વધી, અશાંત થયું, તેનું કારણ શું? આ મામલે ચિંતન-ચર્ચા-વિશ્લેષણ-રિસર્ચ કેમ થતા નથી? આશ્ચર્ય તો એ પણ છે કે, આસામાજિકો-શંકાસ્પદો સામે હજુ પણ કાર્યવાહી થતી નથી.

કોના આશિર્વાદ છે, કાર્યવાહી સામે કોણ બ્રેક મારે છે? તંત્રની જવાબદારી કંઇ નહિ? અમદાવાદમાં માથાભારે બની ગયેલા મેહમુદ પઠાણ (લલ્લા બિહારી)ને ભાગવું પણ ભારે થઇ ગયું છે. તેના પુત્રને ઝડપી લેવાયો છે. લલ્લાનું સામ્રાજ્ય સાફ કરી દેવાયું છે. રાજકોટમાં નાના-મોટા લલ્લાઓ દરેક એરિયામાં દાદા બનીને ઉભર્યા છે. આવા લલ્લાઓ સામે તંત્ર કેમ ધગતું નથી?

વર્તમાન સમય સૌથી અગત્યનો છે. આ સમયે પણ રાજકોટ-સૌરાષ્ટ્રમાં ઓપરેશન ઓલઆઉટ નહિ થાય તો અહીં મહાઅડ્ડાઓ સર્જાઇ જશે. આ મામલે રાજકીય ઇચ્છાશક્તિએ પણ મેદાનમાં આવવું જોઇએ. અધિકારીઓને પરિણામલક્ષી ઓપરેશન કરવા મજબુર કરવા જરૂરી છે. ગુંડાતત્વોથી ત્રાસેલા લોકો લાચારીથી કાયદો હાથમાં લેવા માંડ્યા છે. ભવિષ્યમાં સ્થિતિ અરાજક બની શકે છે.

લોકોએ પણ અધિકારીઓ અને તંત્ર સામે અવાજ ઉઠાવવો જોઇએ. સલામતી માટે સજાગ બનો.




પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# PMની અધ્યક્ષતામાં 'સુપર કેબિનેટ' બેઠક

## પુલવામા આતંકવાદી હુમલા બાદ CCPAની છેલ્લી બેઠક ૨૦૧૯ માં થઈ હતી, જેમાં ભારતે બાલાકોટ હવાઈ હુમલાનો જવાબ આપ્યો હતો



નવીદિલ્હી, તા. ૩૦

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો - જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા - માર્યા ગયાના એક અઠવાડિયા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કેન્દ્રીય મંત્રીમંડળના મંત્રીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકો યોજી હતી. બુધવારે પીએમ મોદીએ શરૂઆતમાં સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી હતી અને ત્યારબાદ રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

જમ્મુ અને કાશ્મીરમાં ૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલા પછી, આ બીજી વખત હતું જ્યારે સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ, જેમાં વડા પ્રધાન, સંરક્ષણ પ્રધાન, ગૃહ પ્રધાન, નાણાં પ્રધાન અને વિદેશ પ્રધાનનો સમાવેશ થાય છે, મળી રહી છે. જોકે, આ બીજી કેબિનેટ બેઠક છે જે મહત્વપૂર્ણ બની રહી છે. રાજકીય બાબતોની કેબિનેટ સમિતિને 'સુપર કેબિનેટ' તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તેમાં કેન્દ્રીય કેબિનેટના ટોચના મંત્રીઓનો સમાવેશ થાય છે. પુલવામા આતંકવાદી હુમલા બાદ ઈઈઝ્અ ની છેલ્લી બેઠક ૨૦૧૯ માં થઈ હતી, જેમાં ભારતે બાલાકોટ હવાઈ હુમલાનો જવાબ આપ્યો હતો.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો - જેમાં મોટાભાગે પ્રવાસીઓ - માર્યા ગયાના એક અઠવાડિયા પછી, મંગળવારે નવી દિલ્હી સ્થિત વડા પ્રધાન દ્વારા તેમના નિવાસસ્થાને ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવામાં આવી હતી, તેના એક દિવસ પછી બુધવારે કેબિનેટ પેનલની સતત બેઠકો યોજાઈ રહી છે. રાષ્ટ્રીય મહત્વના મુખ્ય રાજકીય અને આર્થિક મુદ્દાઓની સમીક્ષા અને નિર્ણય લેવામાં ઈઈઝ્અ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભૂતકાળમાં, ઈઈઝ્અ ની બેઠક મહત્વપૂર્ણ ક્ષણો દરમિયાન બોલાવવામાં આવી છે. પુલવામા આતંકવાદી હુમલા પછી ફેબ્રુઆરી ૨૦૧૯ માં આવી જ એક બેઠક યોજાઈ હતી, જેમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી અને આતંકવાદનો સામનો કરવાની વ્યૂહરચનાઓની ચર્ચા કરવામાં આવી હતી. થોડા દિવસો પછી, ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ, ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનના બાલાકોટમાં હવાઈ હુમલો કર્યો.

રાજકીય બાબતોની કેબિનેટ સમિતિ (ઈઈઝ્અ) ના વર્તમાન સભ્યોમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, જેઓ અધ્યક્ષ તરીકે સેવા આપે છે, તેમજ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલનો સમાવેશ થાય છે. ૨૨ એપ્રિલના રોજ બપોરે, પહેલગામથી લગભગ ૫ કિમી દૂર બૈસરન ઘાસના મેદાનોમાં પાંચથી છ આતંકવાદીઓએ પ્રવાસીઓના જૂથ પર ગોળીબાર કર્યો. આ ઘાસના મેદાનો - જેને 'મીની સ્વિટ્ઝર્લેન્ડ' તરીકે પણ ઓળખવામાં આવે છે - ત્યાં ફક્ત પગપાળા અથવા ઘોડા પર બેસીને જ પહોંચી શકાય છે. પહેલગામ હત્યાકાંડ તાજેતરના વર્ષોમાં કાશ્મીર ખીણમાં થયેલા સૌથી ઘાતક નાગરિક હુમલાઓમાંનો એક હતો.

# મનીષ સિસોદિયાની ચિંતા વધી

## કથિત ક્લાસરૂમ કૌભાંડમાં આમ આદમી પાર્ટીના સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન સામે નોંધાયો કેસ

નવીદિલ્હી તા. ૩૦

કથિત દારૂ કૌભાંડ અને મની લોન્ડરિંગ કેસમાં લાંબા સમયથી જેલમાં રહેલા દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને ભૂતપૂર્વ આરોગ્ય પ્રધાન સત્યેન્દ્ર જૈન નવી મુશ્કેલીમાં ફસાઈ ગયા છે. કથિત ક્લાસરૂમ કૌભાંડમાં આમ આદમી પાર્ટીના બંને વરિષ્ઠ નેતાઓ સામે હવે કેસ નોંધવામાં આવ્યો છે. દિલ્હી સરકારની ભ્રષ્ટાચાર વિરોધી શાખા (ACB) એ સરકારી શાળાઓમાં નવા વર્ગખંડોના નિર્માણમાં ૨,૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ લગાવ્યો છે અને તત્કાલીન શિક્ષણ મંત્રી સત્યેન્દ્ર જૈન અને ભૂતપૂર્વ PWD મંત્રી સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

ACB દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હીમાં આમ આદમી પાર્ટી (AAP) સરકારના શાસનકાળ દરમિયાન ૧૨,૭૪૮ વર્ગખંડો/ઈમારતોના નિર્માણમાં ૨,૦૦૦ કરોડ રૂપિયાનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. આરસીસી વર્ગખંડો જેટલા જ ખર્ચે અર્ધ-કાયમી માળખા (SPS) વર્ગખંડો (૩૦ વર્ષનું આયુષ્ય) નું બાંધકામ અને SPS અપનાવવામાં સ્પષ્ટપણે કોઈ નાણાકીય લાભ નહોતો. આ પ્રોજેક્ટ આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા કેટલાક કોન્ટ્રાક્ટરોને



આપવામાં આવ્યો હોવાના અહેવાલ છે. નોંધપાત્ર વિચલનો અને ખર્ચમાં વધારો જોવા મળ્યો અને એક પણ કામ નિર્ધારિત સમયગાળામાં પૂર્ણ થયું નહીં.

ACBનું કહેવું છે કે સલાહકારો અને આર્કિટેક્ટ્સની નિમણૂક યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના કરવામાં આવી હતી અને તેમના દ્વારા ખર્ચમાં વધારો કરવામાં આવ્યો હતો. સીવીસીના ચીફ ટેકનિકલ એક્ઝામિનર રિપોર્ટમાં પ્રોજેક્ટમાં અનેક વિસંગતતાઓ દર્શાવવામાં આવી હતી અને આ રિપોર્ટ લગભગ ૦૩ વર્ષ સુધી દબાવી રાખવામાં આવ્યો હતો. POC એક્ટની કલમ ૧૭-અ હેઠળ સક્ષમ અધિકારી પાસેથી પરવાનગી મળ્યા બાદ કેસ નોંધવામાં આવ્યો હતો.

ભાજપના નેતાઓ હરીશ ખુરાના, કપિલ મિશ્રા, નીલકંઠ બક્ષી વગેરેએ શાળાના વર્ગખંડોના બાંધકામમાં ભ્રષ્ટાચારની ફરિયાદ કરી હતી. અઈઇ એ કહ્યું છે કે આપેલા ટેન્ડર મુજબ, શાળાના ઓરડાના બાંધકામનો એક વખતનો ખર્ચ પ્રતિ રૂમ આશરે રૂ. ૨૪.૮૬ લાખ છે, જ્યારે દિલ્હીમાં આવા ઓરડાઓ સામાન્ય રીતે પ્રતિ રૂમ આશરે રૂ. ૫ લાખમાં બનાવી શકાય છે. વધુમાં, એવો આરોપ છે કે આ પ્રોજેક્ટ ૩૪ કોન્ટ્રાક્ટરોને આપવામાં આવ્યો હતો, જેમાંથી મોટાભાગના આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા હોવાનો આરોપ છે.

દિલ્હીમાં આમ આદમી પાર્ટી (AAP) ની સરકાર દરમિયાન શાળાઓમાં વર્ગખંડોના બાંધકામમાં મોટા પાયે ભ્રષ્ટાચારના આરોપો બાદ ભ્રષ્ટાચાર વિરોધી શાખા (ACB) એ કડક કાર્યવાહી કરી છે. અઈઇ એ ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રી મનીષ સિસોદિયા અને ભૂતપૂર્વ જાહેર બાંધકામ મંત્રી સત્યેન્દ્ર જૈન સામે ભ્રષ્ટાચારનો કેસ નોંધ્યો છે. આ કેસ ૧૨,૭૪૮ વર્ગખંડો અને ઈમારતોના બાંધકામમાં રૂ. ૨,૦૦૦ કરોડના કથિત કૌભાંડ સાથે સંબંધિત છે.

# પાકિસ્તાનના હરામીવેળા : સિઝફાયરનું ઉલંઘન

## નૌશેરા, સુંદરબની અને અખનૂર સેક્ટરમાં ભારતીય ચોકીઓને બનાવાઈ નિશાન : મધ્યમ મશીનગન અને રૉકેટ લોન્ચરનો ઉપયોગ

નવીદિલ્હી, તા. ૩૦

૨૯-૩૦ એપ્રિલની રાત્રે પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખા તેમજ આંતરરાષ્ટ્રીય સરહદ પર અનેક સ્થળોએ નાના હથિયારોથી ગોળીબાર શરૂ કર્યો, જેના પગલે ભારતીય સુરક્ષા દળોએ વળતો જવાબ આપ્યો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની સૈનિકોએ રાત્રિ દરમિયાન જમ્મુ અને કાશ્મીરના નૌશેરા, સુંદરબની અને અખનૂર સેક્ટરમાં ભારતીય ચોકીઓને નિશાન બનાવી હતી, જેમાં હળવા અને મધ્યમ મશીનગન અને રોકેટ લોન્ચર સહિત નાના હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાના જવાનોએ ઉશ્કેરણીનો ઝડપી અને પ્રમાણસર જવાબ આપ્યો. ત્યારબાદ, બારામુલ્લા અને કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા પારથી તેમજ પાકિસ્તાનના સિયાલકોટ ક્ષેત્રની સામેના પરગવાલ સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પારથી પાકિસ્તાની ગોળીબારના અહેવાલો મળ્યા. પાકિસ્તાની સેનાની ૩૦મી કોર્પ્સ પરગલ સેક્ટરમાં રેન્જર્સની મદદથી ફ્રન્ટ લાઇન પર કામ કરી રહી હોવાનું માનવામાં આવે છે. આ વિસ્તારમાં ટેન્કોની અવરજવરની



અગાઉની ઘટનાઓએ પણ ચિંતા વધારી છે.

પરગવાલથી ગોળીબાર સિયાલકોટમાં મુખ્ય મથક ધરાવતા પાકિસ્તાની સેનાના ૮મા અને ૧૫મા પાયદળ વિભાગ હેઠળના એકમો દ્વારા કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. ઉત્તરીય કજ્ઞઈ સેક્ટરો - અખનૂર, નૌશેરા, સુંદરબની, બારામુલ્લા અને કુપવાડામાં - એવા સંકેતો છે કે પાકિસ્તાને તેની ૩૪મી બ્રિગેડ અને ૧૨મી પાયદળ ડિવિઝનના તત્વોને સક્રિય કર્યા છે, જે આર્ટિલરી અને સ્પેશિયલ ફોર્સ યુનિટથી સજ્જ હોવાનું જાણવા મળે છે. ગુપ્તચર માહિતી સૂચવે છે કે, સંભવિત ભારતીય બદલાના ડરથી, પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરની સામે તેની ૧૨મી, ૧૯મી અને ૨૩મી પાયદળ ડિવિઝનને વધુ એકત્ર કરી છે. આ એકમોએ તણાવ વધવાની ધારણાએ આગળની સ્થિતિ લીધી હોવાનું કહેવાય છે. જોકે, ભારતીય સેના પરિસ્થિતિ પર મજબૂત નિયંત્રણ જાળવી રાખી રહી છે અને સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં પાકિસ્તાની ગોળીબારને સક્રિયપણે દબાવી રહી છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

પ્રાસંગિક

# અક્ષય તૃતીયા એટલે માનસ નામના પાત્રમાં માનવતાનો ભાવ ક્યારેય ક્ષય ન થાય !



આજે અક્ષય તૃતીયાનો તહેવાર છે, વૈશાખ મહિનાની ત્રીજને અક્ષય તૃતીયા કહેવામાં આવે છે, અને એને અખાત્રીજ પણ કહેવાય છે. આમ તો સૌ કોઈ ઈશ્વરને પોતાના સુખ એટલે કે ભોગ વિલાસના સાધનોનો ક્યારેય ક્ષય ન થાય એવું જ ઈશ્વર પાસે માંગતા હોય છે!: પણ હકીકતમાં આજના સાંપ્રત સમયમાં જે રીતે માનવતાના મૂલ્યોનું ધોવાણ થતું જોવા મળે છે, એ રીતે વિચારીએ તો આ અક્ષય તૃતીયાએ આપણે સૌએ આપણાં માનવતાના ભાવમાં ક્યારેય ક્ષય ન થાય એવી ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ! મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણએ પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં જતા હતા, ત્યારે દ્રૌપદીને અક્ષયપાત્ર આપ્યું હતું. પરંતુ તે છતાંય દ્રૌપદીએ કે પાંડવોએ અક્ષય પાત્રનો દુરુપયોગ કર્યો નહીં! આ વાત કાળની સચ્ચાઈ છે, એટલે કે આજે જો કોઈ પાસે એવું પાત્ર હોય તો, એ માત્ર તેનો જીવન નિર્વાહ પૂરતો ઉપયોગ ન કરે,એ એક સીધીસાદી અને સ્વીકારી શકાય એવી વાત છે. આજે આપણે જરૂરિયાતને નામે પણ એટલું બધું ઈચ્છતા થઈ ગયા છીએ, કે ખરેખર જેની જરૂર નથી, એનો પણ સંગ્રહ થતો જાય છે. વસ્તુ પદાર્થની રીતે તો હજી પણ સમયની માંગ તરીકે સ્વીકારી શકાય, એટલે કે ૨ જોડ કપડાંની જરૂર હોય, અને ૨૨ જોડ કપડાં કબાટમાં હોય છે! પણ માનસમાં જેનો ખરેખર ક્ષય થવો જોઈએ! એવાં ભાવ આપણે જીંદગીભર અક્ષય રાખીએ છીએ! અને જ્યાં સુધી એ ભાવનો ક્ષય નહીં થાય, ત્યાં સુધી આપણે સદભાવનાનું મુલ્ય જાણી શકીએ નહીં! તો ક્ષય કોનો થવો જોઈએ અને કોનો ન થવો જોઈએ! એ તફાવત પર આપણું ધ્યાન કેન્દ્રિત નહીં થાય, ત્યાં સુધી આવી કેટલીય અક્ષય તૃતીયાની ઉજવણી કરીશું, તોય અંતે તો આપણું પાત્ર ખાલી જ રહેશે!: અથવા તો જેની બિલકુલ જરૂર નથી એવાં ભાવથી ભરાયેલું રહેશે.

અખાત્રીજ ઉજવવાના શાસ્ત્રોમાં ત્રણ-ચાર કારણ બતાવાયા છે. અક્ષય તૃતીયાને પરશુરામ જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે. પૂરેપૂરો વૈશાખ મહિનો વિષ્ણુની આરાધનાનો મહિનો છે. નારાયણ સ્વરૂપની ઉત્પત્તિ આ માસ દરમિયાન થઇ હતી. શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ ત્રેતા યુગની શરૂઆત પણ આ દિવસથી થઈ હતી. શાસ્ત્રના કહેવા અનુસાર સતયુગની સ્થાપના પણ અક્ષય તૃતીયાથી થઈ હતી. ચૈત્ર માસને આપણે ત્યાં પિતૃનો માસ માનવામાં આવે છે, અને એ દિવસોમાં શુભ કાર્ય એટલે કે લગ્ન વાસ્તુ જેવા કાર્યો કરાતા નથી, ત્યારે અખાત્રીજથી વૈશાખી લગ્નનો પ્રારંભ થાય છે,અને જે કોઈના ગ્રહ-નક્ષત્ર મુજબ જન્માક્ષરનો મેળ ન પડતો હોય એ યુવક-યુવતીના આ દિવસે લગ્ન કરાવવાથી નક્ષત્ર દોષ સમાપ્ત થાય છે. હિન્દુ પ્રજા ઉત્સવ પ્રિય છે એટલે કયા તહેવાર એ શું કરવું તેની આખી રૂપરેખા આપણે ત્યાં આપણા ઋષિઓએ નક્કી કરેલી છે

અક્ષયતૃતીયાને દિવસે દાન ધર્મનો ખૂબ જ મહિમા છે, આપણી પ્રણાલીમાં દાનને આ રીતે જોડી દેવામાં આવે છે, જેથી અસમાનતાનો ગ્રાફ થોડો ઘણો સમ થઈ શકે. સાધન સંપન્ન લોકો સોના જેવી પવિત્ર ધાતુની ખરીદી પણ આ દિવસે કરે છે. આરાધનામાં સફેદ કલરના સાધનથી વિષ્ણુની પૂજા થાય છે,લાલ રંગના પુષ્પથી લક્ષ્મીની પૂજા થાય છે, અને આ ઉપરાંત કુબેરની પણ સ્થાપન કરી, તેની પણ પૂજા કરવામાં આવે છે. વિષ્ણુને પ્રસાદ તરીકે સફેદ વસ્તુનો ભોગ ધરવામાં આવે છે, આ થઈ તેની વૈદિક પરંપરા.

અક્ષયનો સીધો સાદો અર્થ કરીએ તો જેનો ક્યારેય ક્ષય નથી એટલે કે ચિરંજીવી છે, અને તેથી જ આ તિથીને ચિરંજીવી તિથિ પણ કહેવામાં આવે છે, અને આઠ ચિરંજીવી પૈકીનાં એક એવાં ભગવાન પરશુરામ જન્મજયંતિ પણ છે. આ દિવસે દાન ધર્મનો એટલાં માટે મહત્વ છે કે, આ દિવસે કરાયેલું દાન એ અતિ ઉત્તમ સાબિત થાય છે, અને તેનું પુણ્ય ક્યારેય ક્ષય થતું નથી. એટલે કે પાપ પુણ્યનું સરવૈયું નીકળે ત્યારે આ પુણ્ય એમનેમ રહે છે, અને જન્મોજન્મ સાથે ચાલે છે, એટલે આપણે ત્યાં આ દિવસે દાન કરવાનો મહિમા છે. આ દિવસે ગંગા સ્નાનનો પણ મહિમા છે, પરંતુ સાંપ્રત સમયમાં એ શક્ય નથી માટે, ગંગામાં સ્નાન કરતાં હોઈએ એ રીતે સ્નાન કરીને તન મન પવિત્ર કરી આ વ્રતની ઉપાસના કરવી. પાપ-પુણ્યની કદાચ જીવની માનસિકતા નથી, પરંતુ દાન ચોક્કસ થવું જોઈએ, અને એ ભાવમાં ક્યારેક ક્ષય ન આવે એ માટે થઈને આપણે અક્ષય તૃતીયા એ પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ.

ભાવનગર વાસીઓ માટે તો અક્ષય તૃતીયાને દિવસે બેવડા આનંદની વાત છે. એટલે કે આજે ભાવનગરનો જન્મદિવસ છે,પણ આ વખતે કાશ્મીર દુર્ઘટના માં બે ભાવેણા વાસી એ જીવ ગુમાવ્યો એટલે કોઈ ઉજવણી રાખવામાં નથી આવી. પરંતુ પોતાનું વતન તો સૌ કોઈને પ્યારું હોય જ! ભાવનગરની ઘણી બધી વિશેષતાઓ છે, અને કલા તથા વિદ્યાનું ધામ પણ કહેવાય છે. વિધવિધ કલાને અહીં રાજા મહારાજાઓના વખતથી માન સન્માન આપવામાં આવતું, એ પ્રથા હજી ભાવનગર વાસીઓ એ જાળવી રાખી છે. પરંતુ ભાવને જ્યાં પ્રાધાન્ય આપવામાં આવે છે, એવી નગરી એટલે કે ભાવનગર, એવું ચોક્કસ કહી શકાય. દરેક જગ્યાએ સમાજમાં વિકૃતિ હોય છે, એમ અહીં પણ હશે. પરંતુ અપવાદ કયારેય સિદ્ધાંત ન બની શકે, એટલે એક સામાન્ય સર્વેક્ષણ મુજબ ભાવનગરની પ્રજાને લાગણીશીલ કહી શકાય.

સુવર્ણને આપણે ત્યાં શુદ્ધ અને પવિત્ર ધાતુ માનવામાં આવી છે, અને તેના ચળકાટ જેવું આપણું ચરિત્ર બને, એ માટે થઈને સુવર્ણની આપણે ત્યાં આ દિવસે તેની ખરીદીનો વિશેષ મહિમા ગવાયો છે, પણ હવે તો અક્ષય તૃતીયા એ જાણે સોનું ખરીદવું એ જ તહેવારનું મહાત્મ્ય હોય એમ બધાં દાન ધર્મ ભૂલી સોનું ખરીદે છે. આ ઉપરાંત ધન ઐશ્વર્યને કુબેરના ખજાના સાથે પણ સરખાવ્યું છે, તો વિષ્ણુ લક્ષ્મી ઉપરાંત આ દિવસે કુબેરની પણ સ્થાપના કરીને પૂજા કરવામાં આવે છે. એટલે સાધન સંપન્ન લોકો સોનાની ખરીદી કરતા હોય છે. પરંતુ સોનુ ખરીદવા જેટલી દરેકની હેસિયત ન હોય, તો તેમણે લક્ષ્મીને પ્રસન્ન કરવા માટે દાનનો હાથવગો ઉપાય અજમાવવો જોઈએ, લક્ષ્મીનો નિયમ છે કે, તેનો વિનિમય થતો હોય, એટલે કે તેનો ઉપયોગ થતો હોય, આવનજાવન થતી હોય, એના ઘરમાં તે નિવાસ કરે છે. લક્ષ્મીજીની પાછળ વિષ્ણુ અને કુબેર પણ આવે છે.

સદગુરુ ક્યારેય કૃપા વરસાવવામાં ચૂક ન કરે,અને એવી પાત્રતા જીવ ની બની રહે! જેથી અક્ષય તૃતિયા એ સત્ય પ્રેમ અને કરુણાના ક્યારેય ક્ષય ન પામે તેવાં ભાવને પ્રાપ્ત કરવાની જીવ કોશિશ કરે, અને સુવર્ણ જેવું ચમકતું ચરિત્ર બનાવી, ચરિત્રની રીતે ભગવાન પરશુરામની જેમ ચિરંજીવ બને. સમય છડી પોકારી રહ્યો છે કે, સતયુગ આવી રહ્યો છે!! સતયુગ આવી રહ્યો છે!! આકાશમાંથી પણ એવા જ ભાવ વધારનાર શબ્દની વૃષ્ટિ થઈ રહી છે, તો એ વાણી સાંભળી અને એ સત્ય સિદ્ધ કરવા સંકલિત થઈએ. સમગ્ર વિશ્વ આજે આ શુદ્ધ ભાવમાં જીવે,અને એના આવા શુદ્ધ ભાવમાં ક્યારેય ક્ષય થાય નહીં એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વરને કરીએ. જય હિન્દ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### નહિ જેવી વાતે કાળઝાળ બની જતો માનવી ગમે ત્યારે બની જાય છે કાતિલ

# કારીગરને ઢીકા-પાટા-હથીયારથી મોતને ઘાટ ઉતારાયો

### ઓગણત્રીસ વર્ષના યુવાનની હત્યાથી પરિવારમાં અરેરાટીઃ હત્યારાને ઝડપી લેવા પોલીસની દોડધામઃ બીજી ઘટનામાં પ્રેમપ્રકરણમાં થયેલી હત્યામાં ચાર આરોપી ઝડપાતાં રિમાન્ડ મળીઃ એકની હાલત બગડતાં સારવારમાં

રાજકોટ તા. ૩૦

નહિ જેવી વાતે માણસ કાળઝાળ બની જતો હોય છે અને હાથમાં આવે એ હથીયારથી ઘા કરી લેતો હોય છે. આવા હુમલાની ઘટનાઓ રાજ્યભરમાં રોજ નોંધાતી રહે છે. બીજી તરફ નાની નાની વાતે હત્યાની ઘટનાઓમાં પણ ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. આવી વધુ એક ઘટના સામે આવી છે જેમાં જુની અદાવતનો ખાર રાખી ઓગણત્રીસ વર્ષના યુવાનને ઢીકાપાટુનો માર મારી તેમજ તિક્ષ્ણ હથીયારના ઘા મારી પતાવી દીધો હતો. હત્યાનો ભોગ બનનાર યુવાન મીલનો કારીગર હતો. અન્ય એક પ્રેમ પ્રકરણમાં થયેલી હત્યાની ઘટનામાં બે આરોપીઓને પોલીસે દબોચી લીધા હતાં. જેમાં સુત્રધાર ઝડપાયા બાદ હાલત બગડતાં સારવાર માટે દાખલ કરાયો હતો.

હત્યાની ઘટના પર નજર કરીએ તો આ બનાવ સુરત શહેરના સચીન વિસ્તારમાં બન્યો છે. આ વિસ્તારમાં અગાઉ પણ હત્યાઓ થઇ ચુકી છે. ત્યાં ફરી એક વખત હત્યાનો બનાવ બન્યો છે. તલંગપુર ગામે આવેલી ફાર્મ હાઉસની પાછળના તળાવ પાસે રાત્રે ઓગણત્રીસ વર્ષીય યુવક આશિષ પ્રધાનની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી અને તેમજ ઢીકાપાટુનો માર મારી હત્યા કરવામાં આવી હતી. હત્યાનો ભોગ બનનાર યુવક મૂળ ઓડિશાનો વતની હતો અને લુમ્સ મિલમાં કારીગર હતો. આશિષ પ્રધાન તેના પરિવાર સાથે પાલીગામ વિસ્તારમાં, સાંઈ ભુપત સોસાયટી નજીક, જલારામ નગર સોસાયટીમાં રહેતો હતો. રાત્રે આશિષ તલંગપુર ગામ તરફ ગયો હતો. જ્યાં નિકુંજ ભગવાન સવસાણીના ફાર્મહાઉસ પાછળના તળાવ નજીક ગેટશ્વની દીવાલ પાસે તેને શ્રીકાંત સુધાન્યા સ્વાઈન અને તેના મિત્રો દ્વારા ઘેરી લીધો હતો.

વધુ માહિતી અનુસાર શ્રીકાંત સ્વાઈન જે તલંગપુર રોડ પર આવેલા પંચવટી વિસ્તારમાં શૈલેષ પટેલની ચાલમાં રહે છે. તેને જૂની અંગત અદાવતના કારણે પોતાના સાગરીતોની મદદથી આશિષ પર ઢીકમુક્કીનો માર શરૂ કર્યો હતો. ત્યારબાદ તીક્ષ્ણ હથિયારથી ઘા મારી તેને ગંભીર રીતે ઈજા પહોંચાડી હતી. લોહીલુહાણ હાલતમાં આશિષ ત્યાં જ ઢળી પડ્યો હતો અને તેનું




ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સચીન જીઆઈડીસી પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મૃતકના ભાઈ શ્રીધર -ધાનની ફરિયાદના આધારે શ્રીકાંત સ્વાઈન સહિત અન્ય શંકાસ્પદ હુમલાખોરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બીજી તરફ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં સાવલી-વડોદરા રોડ પર ટુંડાવ ગામની સીમમાં વડોદરાના યુવાનની હત્યા કરેલી લાશ મળી હતી. પ્રેમ પ્રકરણમાં કરાયેલી આ હત્યા પ્રકરણમાં ચાર આરોપીઓને રિમાન્ડ માટે સાવલી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા તેના અગિયાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જ્યારે આ ઘટનાના એક આરોપીની તબિયત બગડતા સયાજી હોસ્પિટલમાં આઇસીયુમાં સારવાર આપવામાં આવી રહી છે. સાવલી-વડોદરા મુખ્ય માર્ગ પર ટુંડાવ ગામ પાસે બે દિવસ અગાઉ વડોદરાના સુભાનપુરા સમતા વિસ્તારના વૈકુંઠ ફલેટના રહેવાસી તેત્રીસ વર્ષિય રાહુલ રાજેન્દ્રભાઇ સોનીની પાંચ યુવકોએ હત્યા કરીને મૃતદેહ નાખી ફરાર થઇ ગયા હતા. જે ઘટનામાં મંજુસર પોલીસ તેમજ જિલ્લાની તમામ એજન્સીઓ સક્રિય થઈ ગઈ હતી અને હત્યારાઓનું પગેરુ શોધવા ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન આ બનાવમાં મંજુસર પોલીસ તેમજ જિલ્લા એલ.સી.બી.ની સંયુક્ત ટીમોએ ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલીને આરોપીઓને દબોચી લીધા હતા.

મોતને ઘાટ ઉતારવામાં આવેલા રાહુલ સોનીનો સંગીતા નામની યુવતી સાથે પ્રમ સંબંધ હતો. જેમાં સંગીતાના ભાઈ સહિત તેના ૫ મિત્રોએ હત્યા કરી હોવાનું ખુલ્યું હતું. પોલીસે આ બનાવમાં ચાર આરોપીઓને ઝડપી લીધા હતા, જ્યારે એકને ફરાર જાહેર કર્યો હતો. તેવામાં મંજુસર પોલીસે પાંચમાં ફરાર આરોપી દિલીપ માળીને પણ ઝડપી લીધો હતો.આ ઘટનાના મુખ્ય આરોપી અને સૂત્રધાર સંગીતાનો ભાઈ મહેશ ઉર્ફે પપ્પુ માળીની તબિયત બગડતા વડોદરા સયાજી હોસ્પિટલમાં આઈ.સી.યુ.માં દાખલ કર્યો છે. આથી પોલીસે ચારઆરોપીઓને કોર્ટમાં રિમાન્ડ અર્થે રજૂ કર્યા હતા. જેમાં પોલીસે આરોપીને ઘટનાનું રિહર્સલ અને હથિયારો કબજે લેવા તેમજ અન્ય સહ આરોપીઓ સામેલ સહિત અન્ય કોઈ ગુનાઓ આચરેલ હોય અને અન્ય સહ આરોપી સામેલ સહિતની માહિતી અને તપાસના ગ્રાઉન્ડ પર ચારેય આરોપીના અગિયાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પાંચમો અને મુખ્ય આરોપી મહેશ ઉર્ફે પપ્પુ માળી હાલ સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી કોર્ટમાં રજૂ કરવાનો બાકી છે.

# આંતકવાદના વિરોધમાં રાજકોટમાં મુસ્લિમ બહેનોનું કેન્ડલમાર્ચ, આપી શ્રધાંજલિ

### આંતકવાદી ઘટના રાષ્ટ્રની એકતા અને અખંડિતતા પરનો પ્રહાર છે તે કોઈ કાળે ચલાવી શકાય નહિ



રાજકોટ, તા. ૩૦

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પાકિસ્તાન તરફી આતંકવાદીઓએ પ્રવાસીઓ પર અંધાધુધ ગોળીબાર કરીને ૨૭ નિર્દોષ વ્યકિતઓને સહિદ કરી દીધા તે આંતકવાદના વિરોધમાં શુક્રવાર રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છની મસ્જીદો, દરગાહોમાં સહિદ થયેલાઓ માટે ખીરાજે અકિદત પેશ કરી આંતકવાદ આપણા દેશમાંથી જળમુળમાંથી નાબૂદ થાય તેવી દુઆ એ ખેર કરવામાં આવી હતી.

આ પછી શુક્રવારે સાંજે આંતકવાદના વિરોધમાં બુરખાધારી મુસ્લીમ બહેનોની એક રોષપૂર્ણ ફીટકાર રેલી નીકળી હતી અને કેન્ડલ માર્ચ સાથે દિવંગતોને શ્રધ્ધાંજલી, ખીરાજે અદિત પેશ કરી હતી. આ પ્રસંગે મુસ્લીમ અગ્રણી સર્વ હબીબભાઈ ગનીબાપુ કટારીયા, ફારૂકભાઈ બાવાણી, રજીયાબેન મેમણ, ઈરમબેન કટારીયા, યુસુફભાઈ કટારીયા વિગેરેએ આ આંતકવાદી ઘટના રાષ્ટ્રની એકતા અને અખંડિતતા પરનો પ્રહાર છે તે કોઈ કાળે ચલાવી શકાય નહિ. તેનો જળમુળમાંથી નેશનાબુદ કરવા માંગણી કરી હતી.

આ કાર્યને સફળ બનાવવા હબીબભાઈ ગનીબાપુ કટારીયાના માર્ગદર્શન હેઠળ ફારૂકભાઈ બાવાણી, યુસુફભાઈ સોપારીવાલા, ઈબ્રાહીમભાઈ મેમણ, હાજી અવેશભાઈ કામદાર, ફારૂકભાઈ કટારીયા, ઓસુભાઈ મોટાણી, ઈરફાનભાઈ મેણુ, આસીફભાઈ ખોખર, સાહિદભાઈ દલ, અજીતભાઈ શેખ, યુસુફભાઈ કટારીયા, અબ્દુલ ગનીભાઈ ચૌહાણ, હનીફભાઈ જુનાગઢી, સીદીકભાઈ ચૌહાણ, અમીનભાઈ મીરા, અવેશભાઈ કામદાર, નરેશભાઈ મકવાણા, અવનીશભાઈ ગોંડલીયા, અલ્તાફભાઈ કટારીયા, સકીલભાઈ કટારીયા, તથા બહેનોમાં રજીયાબેન મેમણ, ઈરમબેન કટારીયા, ફાતમાબેન, હલીમાબેન, જરીનાબેન, જેબુનબેન માંકડા, જકુબેન દલવાણી, લીલાબેન ચાવડા, વાસ્મીબેન સોલંકી, ડીમ્પલબેન ચાવડા, ભારતીબેન ચાવડા, જમીલાબેન દલવાણી, કુલસમબેન કટારીયા, રોજીનાબેન કટારીયા, પરવીનબેન બેલીમ, નસીતબેન કટારીયા, રજીયાબેન કટારીયા, બીલ્કીસબેન કટારીયા વિગેરેએ આ આંતકવાદ વિરોધના કાર્યક્રમને સફળતા બક્ષી હતી. તેમ નવાજભાઈ સમા તથા હબીબભાઈ ગનીબાપુ કટારીયાની સંયુકત યાદીમાં જણાવેલ છે.



### એજન્સીને તાકીદે કામગીરી પૂર્ણ કરવા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની સુચના

# DI પાઈપલાઈનનું કામ લોકો માટે માથાનો દુખાવો

રાજકોટ, તા. ૩૦

સમગ્ર રાજકોટમાં હાલ ડીઆઇ પાઇપ લાઇન નાખવામાં આવી રહી છે અને લોકોને નવું નળ જોડાણ પણ આપવા માટેની કવાયત મહાનગરપાલિકા દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે જુના અને નવા રાજકોટના મુખ્ય માર્ગો તથા રહેણાંક વિસ્તારોમાં હાલ અનેકવિધ રોડ રસ્તાઓ તથા શેરીઓ ખોદી નાખવામાં આવી છે. અને હાલ પાઇપલાઇન નાખવાની કામગીરી પણ ચાલી રહી છે પરંતુ જે વેગથી કામગીરી થવી જોઈએ તે થઈ શકતી ન હોવાથી લોકો હેરાન પરેશાન થઈ ગયા છે. આથી આ કામગીરી સમયસર અને ઝડપી બનાવવા કામમાં ઢીલ દાખવતી એજન્સીઓને નોટીસ ફટકારવા મનપાના સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે સુચના પણ આપી હતી.

મહાનગરપાલિકા દ્વારા છેલ્લા સાત વર્ષથી એક પણ પાઇપલાઇન નવી નાખવામાં આવી ન હતી ત્યારે પાઇપલાઇન સળી જતા નવી નાખવાનો નિર્ણય લીધો હતો. એના ભાગરૂપે હાલ કામગીરી ચાલી રહી છે. જોબવર્કના આધારે કામના ઝોનલ કોન્ટ્રાકટ મંજૂર કરાયા હતા. હવે શહેરમાં લગભગ તમામ વિસ્તારમાં ડીઆઇ પાઇપલાઇનનું કામ થઇ ગયેલુ અથવા ગતિમાં હોવાનું દેખાઇ છે. લગભગ દર સ્ટે. કમીટીની મીટીંગમાં હજુ નવી લાઇનના કામો મંજૂર થાય છે.દરમ્યાન જુદા જુદા વિસ્તારમાં જે ઝડપે ખોદકામ ચાલે છે એટલી ઝડપથી કામ પુરૂ થતું નહીં હોવાની ફરિયાદો આવે છે. અનેક વિસ્તારમાં કાયમની જેમ ખાડા ખોદાયા બાદ લેવલીંગ થતું નથી. રહેણાંક વિસ્તારોમાં મોટો ત્રાસ થયો છે.

હાલ મળતી માહિતી મુજબ અત્યારે લોકોને ઘણી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે જે અંગેની જાણ સ્ટેન્ડિંગ ચેરમેનને કરાતા તેઓએ તાકીદે એન્જિનિયરો સાથે બેઠક યોજાઈ હતી. ત્રણે ઝોનમાં ચાલતા ડીઆઇ પાઈપલાઈન પાથરવાના કામમાં વિલંબ બદલ જે તે એજન્સીને નોટીસ ફટકારવા સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં. ૨, ૩, ૭, ૧૩, ૧૪ અને ૧૭માં જયાં જયાં ડીઆઇ પાઈપલાઈન નાખવા માટે ખોદકામ કરાયું હોય તે માર્ગોને ૩૧.૩૧ કરોડના ખર્ચે ડામરથી મઢવા સ્ટે.કમીટીએ મંજૂરી આપી હતી. આ વિસ્તારોમાં તાબડતોબ ડામર કામ શરૂ થાય તે અનિવાર્ય છે. તો જયાં કામ ચાલુ છે ત્યાં પણ ચોમાસા પહેલા પાઈપલાઈન ઉપર ડામર કામ થઇ જાય તે પ્રકારે આયોજન કરવામાં આવે તે જરૂરી હોવાનો કોર્પોરેટરો પણ કહી રહ્યા છે. શહેરના જુદા જુદા વિસ્તારમાં ડીઆઇ પાઈપલાઈનના ખોદકામ ચાલુ છે. પરંતુ પાછળ પાછળ મેટલીંગ કામ થતા નથી તો અનેક વિસ્તારમાં પાઈપલાઈનના કામ ધીમા ચાલતા હોય, લોકો હેરાન થઇ રહ્યા છે.

### ઢાઇ અક્ષર પ્રેમ કે...દરેક પ્રેમીઓને પ્રેમની સફરમાં સફળતા જ મળે એવું નથી હોતુંઃ એક કરૂણ ઘટના

# પ્રેમી પંખીડાએ વિજળીના થાંભલે લટકી જઇ જિંદગી ખતમ કરી

### ઓગણીસ વર્ષની કુંવારી યુવતિ અને ત્રીસ વર્ષના પરણેલા યુવાન વચ્ચે શરૂ થઇ હતી પ્રેમકહાની, પણ આગળ ન વધી શકીઃ અન્ય બનાવમાં પત્નિ સાથે કલેશને કારણે યુવા ડિરેક્ટરનો આપઘાત

રાજકોટ તા. ૩૦

પ્રેમની વેદી પર બલીદાનની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. અઢી અક્ષરના પ્રેમ પાછળ અનેક જીવ ફના થઇ ગયા છે. બધા પ્રેમીઓને પ્રેમ ફળી જ જાય એવુ હોતું નથી. પ્રેમના અનેક દુશ્મનો હોય છે અને આ કારણે જ પ્રેમીઓ પોતાની પ્રેમ કહાનીને આગળ વધારી શકતાં હોતાં નથી. અલગ અલગ કારણોસર આવી પ્રેમકહાનીમાં અનેક અંતરાયો વિઘ્ન વિક્ષેપો આવતાં રહે છે. ઘણીવાર થાકી હારીને પ્રેમી પંખીડાઓ આપઘાત પણ કરી લેતાં હોય છે. આવી જ વધુ એક કરૂણ ઘટના બની છે જેમાં પ્રેમી યુગલે વિજળીના થાંભલે સામ સામે કપડાના છેડે લટકી જઇ મોત મેળવી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ઓગણીસ વર્ષની યુવતિ અને ત્રીસ વર્ષના પરણેલા યુવાન વચ્ચે પ્રેમકહાની શરૂ તો થઇ ગઇ હતી પરતુ પછી અકાળે તેનો કરૂણ અંત આવી ગયો હતો.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કચ્છના રાપર તાલુકાના પલાંસવા ગામની સીમમાં એક પ્રેમી યુગલે આપઘાત કરી લીધો હતો. ગાગોદર કેનાલની બાજુમાં નોંઘાભાઈ માળીના ખેતરમાંથી બંનેના મૃતદેહ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વિશેષ માહિતી અનુસાર અમરાપર ગામની ઓગણીસ વર્ષીય જમનાબેન ખેતા કોલી અને ત્રીસ વર્ષીય કાનજી દેવા કોલી પોતાના ઘરેથી કોઈને જાણ કર્યા વિના નીકળી ગયા હતા. પરિવારજનોએ શોધખોળ કરી હતી પરંતુ બન્નેનો કોઈ પત્તો મળ્યો ના હતો. આ દરમિયાન લાપતા બંનેના મૃતદેહ નિર્જન સ્થળે ઝાડ વચ્ચેના વિજપોલની સામસામે એકજ કપડાં વડે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ બંને વચ્ચે પ્રેમ હોઇ પરંતુ એક નહિ થઇ શકે તેવું લાગતાં નિષ્ફળતા મળવાના ડરથી બંનેએ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું હતું.

આડેસર પોલીસે બન્નેના પોસ્ટમોર્ટમ કરાવ્યા છે. પોલીસ ઇન્સ્પેક્ટર જે.એમ.વાળાએ અકસ્માત



મોતની નોંધ દાખલ કરી આગળની તપાસ શરૂ કરી હતી. મોટી વાગડ વિસ્તારમાં આ પ્રકારની સજોડે આત્મહત્યાની ઘટનાઓ અગાઉ પણ બની ચૂકી છે. આ ઘટનાથી વિસ્તારમાં શોકની લાગણી ફેલાઇ ગઇ હતી. પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે યુવતિ કુંવારી હતી અને તેને પરણેલા યુવાન સાથે પ્રેમ હતો. હવે યુવતિના અન્ય લગ્ન કરવા માટે પરિવારજનો સગાઇની તૈયારીમાં હતાં ત્યારે તેણે પરણેલા પ્રેમીથી અલગ થવું ન હોઇ આ પ્રેમી સાથે જ આપઘાત કરી લીધાનું બહાર આવ્યું હતું.

આપઘાતની અન્ય એક ઘટનામાં સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર અંકુર રામાણીએ પિયાવા ગામમાં આવેલા પોતાના રહેણાંક મકાનમાં ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો છે. ઘટનાની જાણ થતાં જિલ્લા પોલીસ વડા સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતક અંકુરભાઈના પિતા બાવચંદભાઈ રામાણીએ પોલીસ સ્ટેશનમાં આપેલી જાહેરાત મુજબ, અંકુરભાઈના લગ્ન મોટા ભમોદ્રા ગામની કોમલબેન સાથે દસ વર્ષ પહેલા થયા હતા. છેલ્લા એક વર્ષથી કોમલબેને ભરણપોષણ માટે દાવો દાખલ કર્યો હતો. બંને પતિ-પત્નિ વચ્ચે ઘરકંકાસ ચાલતો હતો. આ કંકાસથી કંટાળીને અંકુરભાઈએ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું હતું.

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર અંકુર રામાણીના આકસ્મિક નિધનથી યાર્ડમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. તેમના માનમાં સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ બંધ રાખવામાં આવશે. પોલીસે આ કેસમાં વિવિધ દિશામાં તપાસ શરૂ કરી હતી.

આપઘાતના બનાવમાં મુળ ઉત્તરપ્રદેશ અને વેસુ વિસ્તારમાં આવેલ મોહિત મોહલ્લામાં બાવીસ વર્ષીય મનીષ વિનોદભાઈ શર્મા પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં પિતા, માતા, એક બહેન અને એક ભાઈ છે. પિતા વેસુ વિસ્તારમાં હાર્ડવેરની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. મનીષ અઠવાલાઇન્સ ખાતે આવેલી રામકૃષ્ણ ઇન્સ્ટિટ્યૂટમાં બીએસસી આઈટીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને હાલ નોકરી માટે પરીક્ષાની તૈયારી કરતો હતો. મનીષે ઘરે બેડરૂમમાં પંખા સાથે ચાદર બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મનીષે પરીક્ષાના ટેન્શનમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા છે.

એક વૃધ્ધ હાજતે જતાં હતાં, એક વૃધ્ધ સમુહ લગ્નમાંથી પરત આવતાં હતાં અને યુવાન હોટલ નજીક ચાલીને જતો હતો ત્યારે વાહનરૂપી કાળનો ભેટો થયો

# વાહનની ઘાતે બે વૃધ્ધ અને એક યુવાનનો લીધો જીવ

## જુનાગઢ, સાતડા, ન્યારાની ઘટનાઃ અન્ય બે બનાવમાં કેરીના ધંધાર્થી પ્રૌઢ અને ગૃહિણીના દિલની દગાખોરીને લીધે મૃત્યુઃ પાંચેયએ સિવિલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લેતાં પરિવારજનોમાં શોકની કાલીમા

રાજકોટ તા. ૩૦

શહેરની સિવિલ હોસ્પિટલમાં અપમૃત્યુની ઘટનાઓ રોજબરોજ નોંધાતી રહે છે. રોજબરોજ કોઇ ને કોઇ પરિવાર પોતાના સ્વજનો, મોભીઓ, આધારસ્તંભ કે આત્મજનને ગુમાવી બેસતાં પોસ્ટમોર્ટમ રૂમ ખાતે કરૂણ દ્રશ્યો સર્જાતા હોય છે. આવી વધુ....ઘટનાઓ નોંધાઇ છે. જેમાં વાહન અકસ્માતની ઘાત બે વૃધ્ધ અને ત્રણ લોકોને નડી ગઇ હતી. તો બીજી તરફ દિલની દગાખોરીને કારણે એક મહિલા અને એક પ્રૌઢના મૃત્યુ થયા હતાં. આ તમામના મૃત્યુ સિવિલ હોસ્પિટલમાં થયા હોઇ જે તે પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવતાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.







વિગતો પર નજર કરીએ તો જુનાગઢના ઇવનગરમાં હિટ એન્ડ રનના બનાવમાં એક વૃધ્ધનું મોત થયું હતું. તેઓ ઘરેથી કુદરતી હાજતે જવા માટે નીકળ્યા ત્યારે કોઇ અજાણ્યા વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. ગંભીર હાલતમાં તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. ઇવનગરમાં મેંદરડા બાયપાસ પાસે રહેતાં સિત્તેર વર્ષના નરભીભાઇ નાગજીભાઇ કણસાગરા સાંજના સમયે પઘરેથી બાયપાસ પાસે કુદરતી હાજતે જઇ રહ્યા હતાં ત્યારે અજાણ્યો વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. ગંભીર ઇજા થતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ વધુ સારવાર માટે દાખલ કરાયા હતાં. અહિ તેણે અંતિમ શ્વાસ લઇ લીધા હતાં. મૃત્યુ પામનાર નરભીભાઇ ચાર ભાઇ અને પાંચ બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે પુત્ર અને ચાર પુત્રી છે. નભરીભાઇ જુના ગાભાનો ધંધો કરવાની સાથે કડીયા કામની મજૂરી પણ કરતાં હતાં.

બીજી ઘટના જોઇએ તો બામણબોર નજીક સાતડાના પાટીયા પાસે રસ્તો ઓળંગી રહેલા સાતડા ગામના વૃધ્ધ મોહનભાઇ અરજણભાઇ સદાદીયા નામના સિત્તેર વર્ષના વૃધ્ધ રસ્તો ઓળંગતા હતાં તે વખતે કારની ઠોકરે ચડી જતાં મૃત્યુ થયું હતું. સાતડા ગામે રહેતા મોહનભાઇ ત્રણ દિવસ પહેલા બામણબોર જીઆઇડીસી સામે યોજાયેલા સમુહલગ્નમાં હાજરી આપવા ગયા હતા. પરત ફરતી વેળાએ સાતડાના પાટીયા પાસે રોડ ક્રોસ કરતાં હતાં ત્યારે કારની ઠોકરે આવી જતાં ગંભીર ઇજા થતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી સિવિલમાં ખસેડાયા હતાં. અહિ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર વૃધ્ધ ત્રણ બહેન અને ચાર ભાઇમાં વચેટ હતાં અને છુટક મજૂરી કરતાં હતાં. સંતાનમાં ચાર પુત્રી તથા બે પુત્ર છે. મોભીના મૃત્યુથી પરિવારમા ગમીગીની છવાઇ ગઇ હતી.

વાહન અકસ્માતથી મૃત્યુની ત્રીજી ઘટના જોઇએ તો પડધરી નજીક ન્યારાના પાટીયા પાસે આવેલી દેશીભાણુ નામની હોટલ નજીક આ બનાવ બન્યો હતો. મુળ આણંદના પેટલાદ તાબેના જોગણજગદીશપુરા ગામનો વતની જીતુભાઇ મોહનભાઇ કોલી નામનો એકત્રીસ વર્ષનો યુવાન બે વર્ષથી પડધરીના ન્યારાના પાટીયે આવેલી દેશીભાણુ હોટલમાં રહી ત્યાં જ કામ કરતો હોઇ ગત રાતે તે હોટલ નજીક કોઇ કામ માટે ચાલીને જતો હતો ત્યારે કાળા રંગની સ્કોર્પિયો કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ અહિ તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પડધરી પોલીસે કાર્યવાહી કરી હતી. કાળનો કોળીયો બની ગયેલ જીતુભાઇ એક બહેનથી મોટો અને પરિવારનો આધારસ્તંભ હતો. તેને સંતાનમાં ત્રણ પુત્રી છે અને હાલમાં પણ પત્નિ સગર્ભા છે. આ બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે.

જ્યારે અપમૃત્યુની અન્ય બે ઘટનામાં દિલની દગાખોરી મોત માટે નિમીત બની ગઇ હતી. જંગલેશ્વરના તવક્કલ ચોકમાં રહેતાં ત્રેપન વર્ષના ભરતભાઇ ભીમજીભાઇ રાઠોડ રાતે નવેક વાગ્યે ગોંડલમાં પંચપીરની ધાર પાસે પોતે ભાડે રાખેલા મકાન ખાતે હતાં ત્યારે એકાએક બેભાન થઇ જતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ જીવ બચી શક્યો નહોતો. ભરતભાઇ ત્રણ બહેન અને ચાર ભાઇમાં બીજા હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે. પોતે ફ્રુટનો ધંધો કરતાં હતાં. હાલ કેરીની સીઝન હોઇ તેઓ દિકરા, વહુ સાથે ગોંડલ કેરી વેંચવા ગયા હતાં. ત્યાં જ ભાડે મકાન રાખીને રહેતાં હતાં. જ્યાં આ બનાવ બની ગયો હતો.

બીજી આવી ઘટનામાં શહેરના ગોંડલ રોડ પુનિતનગર રામજી મંદિર પાછળ રહેતાં કાજલબેન નરેન્દ્રભાઇ ચૌહાણ નામના ચાલીસ વર્ષના મહિલા જમીને ઉભા થયા ત્યાં જ ઉલ્ટીઓ થવા માંડતા બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ડોક્ટરે તેમનામાં જીવ રહ્યો ન હોવાનું જણાવ્યું હતું. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. કાજલબેનના મૃત્યુથી સત્તર અને બાર વર્ષના બે પુત્ર મા વિહોણા થઇ ગયા હતાં. તેણીના પતિ નરેન્દ્રભાઇ કારખાનામાં મજૂરી કરે છે. પાંચેય ઘટનામાં હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ ઝાલા, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ અને ભગીરથસિંહે જે તે પોલીસ સ્ટેશનોમાં નોંધ કરાવી હતી.

વધુને વધુ અરજદારો આવાસ યોજનાનો લાભ લઈ શકે માટે મનપાએ લીધો નિર્ણય

# આવાસ યોજના માટે વધુ ૧૫ દિવસ લંબાવાયા

રાજકોટ, તા. ૩૦

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ અને ખાલી પડેલ LIG કેટેગરીના ૧૩૭ આવાસો તથા EWS-2 કેટેગરીના ૪૪ આવાસો માટે ફોર્મ ભરાવાની મુદ્દતમાં વધારો કરવામાં આવ્યો છે જેમાં હવે અરજદાર ૧૫ મે સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે. રાજકોટ મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, ઇ.ચા. મ્યુનિસિપલ કમિશનર, શાસક પક્ષ નેતા, શાસક પક્ષ દંડક અને હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ અને ક્લીયરન્સ સમિતિના ચેરમેને આ અંગે માહિતી આપી હતી.



પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ અને ખાલી પડેલ, શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ LIG કેટેગરીના ૧૩૭ આવાસો તથા EWS-2 કેટેગરીના ૪૪ આવાસો માટે ફોર્મ ભરવાનો સમય ૨ એપ્રિલથી શરૂ થયો હતો અને આ જ સુધી નો હતો પરંતુ મહાનગરપાલિકા દ્વારા જે પણ ફરજદારોને આમાં નોંધણી કરાવવી હોય તો તેમના માટે વધુ ૧૫ દિવસ લંબાવવામાં આવ્યા છે. શેના માટે અરજદારોએ મહાનગરપાલિકાની વેબસાઇટ www.rmc.gov.in પર જઇ ઓનલાઇન ભરવાના ચાલુ છે.

બન્ને યોજના LIG કેટેગરીના તથા EWS-2 કેટેગરીના ફોર્મ ભરવાની મુદત તારીખ ૧૫મે સુધી લંબાવામાં આવ્યું છે. આ ફોર્મ ભરવાની ઑનલાઇન ફી રૂ. ૫૦/- રહેશે તેમજ નિયમાનુસાર ડિપોઝીટ ભરપાઇ કરવાની રહેશે. ફોર્મ તેમજ ફોર્મની ફી અને ડીપોઝીટ ભરવાની સમગ્ર પ્રક્રિયા ફકત અને ફકત ઓનલાઇન જ રહેશે. LIG કેટેગરીના આવાસોની વિગત નીચે મુજબ છે. 2 BHK, ક્ષેત્રફળ ૫૦ ચો.મીટર, આવાસની કિંમત રૂ. ૧૨ લાખ, વાર્ષિક આવકમર્યાદા રૂ. ૩ થી ૬.૦૦ લાખ, ડિપોઝીટ રૂ. ૨૦,૦૦૦ ભરી EWS-2 કેટેગરીના આવાસોમાં લાભ લઈ શકશે. ૧.૫ BHK, ક્ષેત્રફળ ૪૦ ચો. મીટર, આવાસની કિંમત રૂ. ૫.૫૦ લાખ, વાર્ષિક આવકમર્યાદા રૂ. ૩ લાખ, ડિપોઝીટ રૂ. ૧૦,૦૦૦/- ફોર્મ ભરતી વખતે કોઇ ટેકનિકલ સમસ્યા ઉદભવે તો આવાસ યોજના વિભાગનો સંપર્ક સાધવો જણાવ્યું છે.

# NIAની ટીમ રાજકોટમાં બાંગ્લાદેશીઓની કરશે પૂછતાછ

## તપાસનો રિપોર્ટ મોકલવામાં આવશે કેન્દ્ર સરકારને ત્યારબાદ ડીપોર્ટેશનની કાર્યવાહી ધરાશે હાથ

રાજકોટ, તા. ૩૦

જમ્મુ કાશ્મીરમાં થયેલી દુર્ઘટનામાં જે ઉહાપો ઉઠ્યો છે તેનાથી સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે. કેન્દ્ર સરકારે આ બાબતે તાકીદે પગલાં લેવા માટે હાલ તમામ જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા છે એટલુ જ નહીં હવે પાકિસ્તાનીઓની સામે બાંગ્લાદેશીઓ કે જે ઘૂસણખોરી કરીને ભારતમાં વસતા હતા તેમના માટે પણ હાલ આકરા નિયમો બનાવવામાં આવ્યા છે.

પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ ઝીંદગીનો ભોગ લેવાયો હતો. જેમાં દેશભરમાં આક્રોશ છવાયો હતો અને કેન્દ્ર સરકાર એક્શનમાં આવી હતી. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યને જાણ કરી ગેરકાયદેસર વસવાટ કરતાં બાંગ્લાદેશી અને પાકિસ્તાનીઓની ઓળખ મેળવી ડિપોર્ટ કરવા માટેના કરેલ આદેશ બાદ રાજ્ય સરકાર અને ગૃહ વિભાગ પણ એક્શનમાં આવ્યું હતું. આ અંગે રાજકોટ શહેર પોલીસ કમિશનર અને ટોચના અધિકારીઓ દ્વારા વિવિધ ટીમોનું ગઠન કરી શેરભરમાં દરોડા પાડવામાં આવ્યા હતા જેમાં રામનાથ પરા જેવા વિસ્તારોમાં જઈ તપાસ હાથ ધરતા ૧૩ બાંગ્લાદેશોને પકડવામાં આવ્યા અને અન્ય બે ને પકડી તપાસ વધુ તે જ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગત મુજબ, સરકારના આદેશ મુજબ શહેર એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, પીસીબી, સ્થાનીક પોલીસ સહિતની ટીમોએ શહેરભરમાં તપાસનો ધમધમાટ આદરી ભગવતીપરા, કરણપરા, ખોડિયારપરા અને શીતલપાર્ક વિસ્તારમાં ગેરકાયદેસર વસવાટ કરતાં ૧૩ બાંગલાદેશીઓને પકડી પાડી સ્ટેટ અને નેશનલ એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ આદર્યો હતો. ત્યારે તે તપાસ યથાવત રહેતાં બી. ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલ ભગવતીપરા વિસ્તારમાંથી વધું બે બાંગ્લાદેશીઓને પકડી પાડી તેમની સઘન તપાસ હાથ ધરી હતી. તેમજ એટીએસ સહિતનો સેન્ટ્રલ અને સ્ટેટ લેવલની ૧૦ થી વધી એજન્સીઓ રાજકોટમાં ઉતરી આવી હતી.એસઓજીની ટીમને સાથે રાખી પકડાયેલ બાંગ્લાદેશીઓની સઘન પૂછતાછ હાથ ધરી ઈન્ટ્રોડકસન કરવામાં આવ્યું હતું. જેમાં પકડાયેલ ૯ મહિલા, એક સગીર સહિત ૧૫ લોકોમાંથી હાલ કંઈ શંકાસ્પદ ગતિવિધિ મળી ન હતી. હાલ મળતી વિગત મુજબ, આવતીકાલ સુધીમાં એનઆઈએની ટીમ પણ રાજકોટમાં આવશે અને તે પણ પકડાયેલ બાંગ્લાદેશીઓની પૂછતાછ કરી વિદેશ મંત્રાલયને રિપોર્ટ કરશે. જે બાદ બાંગ્લાદેશ સરકારને મોકલી તેની ખરાઈ કરવામાં આવશે. પકડાયેલ શખ્સ બાંગ્લાદેશનો હોવાનું કન્ફર્મ થતાં જ તેને પરત મોકલવાની કાર્યવાહી કરવામાં આવશે.

# દૂધના ભાવમાં રૂા.૧૦નો વધારો

## દૂધ ઉત્પાદકો માટે ડેરી સંઘે લીધો મહત્વનો નિર્ણય

રાજકોટ, તા. ૩૦

રાજકોટ દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા અને નિયામક મંડળના સભ્યો દ્વારા દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક હિતોને ધ્યાનમાં રાખીને ફરી એક વખત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ જે નિર્ણય લેવામાં આવ્યો તેનાથી દૂધની ડેરી સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકો અને ઘણો આર્થિક ફાયદો પહોંચશે. હાલની પરિસ્થિતિ અને ઉનાળાની ઋતુને ધ્યાને લઈ દૂધ ઉત્પાદકોને આર્થિક રીતે મદદ થવાના હેતુથી મંડળે પ્રતિ કિલો ફેટ ₹૧૦ નો ભાવ વધારો કરીને ફેટનો ભાવ ૮૧૦ કરવાનો નિર્ધાર કર્યો છે.

હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટનો ભાવ ₹૮૧૦ ચૂકવવામાં આવી રહ્યો છે. દૂધ સંઘ દ્વારા પેલી મેથી દૂધ મંડળીઓને પ્રતિ કિલો પેટે ₹૮૧૦ ચૂકવવામાં આવશે અને દૂધ મંડળીઓ તેના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટનો ભાવ ૮૦૫ ચૂકવશે. આ નિર્ણયથી દૂધ સંઘ સાથે જોડાયેલા હજારોથી વધારે દૂધ ઉત્પાદકોને આર્થિક લાભ થશે. છેલ્લા ઘણા સમયથી દૂધ મંડળી દૂધ ઉત્પાદકોના હિતમાં નિર્ણય લઈ રહી છે ત્યારે ફરી એક વખત જે નિર્ણય લેવામાં આવ્યો છે તેનાથી દૂધ ઉત્પાદકોને ખાસો એવો ફાયદો થશે.

### અવસાન નોંધ

**રાજકોટ :** સ્વ. છબીલદાસ વિઠ્ઠલદાસ રાજદેવના પુત્ર મુકુંદભાઈ, તે માધુરીબેનના પતિ, નાનુભાઈ, ભારતીબેન, શોભનાબેન અને નવનીતભાઈના મોટાભાઈ, વિવેક તથા વાણીના પિતાશ્રી તા. ૨૮ના શ્રીજીચરણ પામેલ છે. સદગતની પ્રાર્થના સભા તા. ૧ને ગુરુવારના સાંજે ૫.૩૦ થી ૬.૩૦ સુધી તેમના નિવાસસ્થાન, મેરીગોલ્ડ-૨, માધાપર ચોકડી, રાજકોટ ખાતે રાખેલ છે.

દેખાદેખી કે પછી ઈન્ટરનેટની બુરી અસર હેઠળ આવી જઇ ટાબરીયાઓ પણ આચરી બેસે છે ગુનાખોરી

# ઉમર નાની-ગુન્હો મોટો : સગીરોએ સગીરાને બનાવી સગર્ભા

## એક સગીર તો બાળાનો કુટુંબી સગો થાય છે તેણે સાતેક વખત કૂકર્મ આચર્યુઃ તેના મિત્રએ એક વખતઃ બી-ડિવીઝન પોલીસે બંને સામે કરી કાર્યવાહી

રાજકોટ તા. ૩૦

હાલના સમયમાં કોઇપણ વ્યક્તિ માટે ઇન્ટરનેટની સુવિધા સાવ મફત જેવી અને આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. આ સેવાનો સારો ઉપયોગ થઇ રહ્યો છે તો બીજી તરફ ખોટો ઉપયોગ પણ થઇ રહ્યો છે. ઇન્ટરનેટની સુવિધા આંગળીના વેઢે હોઇ સગીરો પણ બેફામ બની મોબાઇલ ફોનમાં નેટ થકી અલગ અલગ વેબસાઇટો, ગેમ્સ સહિતમાં રચ્યા પચ્યા રહે છે. અમુક તો વળી પોર્નના રવાડે ચડી જતાં હોય છે તો કેટલાક ઓનલાઇન ગેમ્બલીંગના રવાડે ચડે છે. ઘણીવાર માઠી અસર કુમળીવયના બાળકોને ગુનાખોરી તરફ વાળી દે છે. રાજકોટ શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં બે સગીર વયના ટાબરીયા કે જેની ઉમર ખુબ નાની છે, પણ તેણે જે ગુનો આચર્યો છે તે ખુબ મોટો-ગંભીર છે. આ સગીરોએ એક સગીરા સાથે દૂષ્કર્મ આચરી તેણીને ગર્ભવતી બનાવી દીધી છે! ચોંકાવનારી વાત એ છે કે એક સગીર તો આ બાળાનો કુટુંબી સગો થાય છે. બંને સામે બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી છે.

આજના સમયમાં ક્યારે કેવી ઘટના બની જાય તેની કોઇને ખબર હોતી નથી. દૂષ્કર્મની ઘટનાઓ તો અવાર-નવાર બનતી રહે છે. પરંતુ એક ઘટના સામે આવી છે તેણે સૌને વિચારતા કરી મુક્યા છે અને ખળભળાટ મચાવી દીધો છે. શહેરમાં રહેતાં એક પરિવારની ધોરણ પાંચમાં ભણતી બાળા સાથે બે સગીરે બળાત્કાર ગુજારી લેતાં તેણી ગર્ભવતી બની જતાં ચકચાર મચી ગઇ હતી. આ મામલે પોક્સો હેઠળ ગુનો દાખલ થતાં બી-ડિવીઝન પોલીસે તપાસ હાથ ધરી છે. જેમાં એક સગીર આ બાળાનો નજીકનો સગો છે. બી-ડિવીઝન પોલીસે બંનેને અટકાયતમાં લઇ બાળ અદાલતમાં રજૂ કરવા તજવીજ હાથ ધરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ પોલીસે ભોગ બનનાર બાળાની ઉમર બાર વર્ષની છે. થોડા દિવસો પહેલાં તે માતા-પિતા સાથે મહારાષ્ટ્રમાં રહેતાં સગાને ત્યાં વેકેશન કરવા ગઈ હતી. જ્યાં બીજા દિવસે તેના પેટમાં દુઃખાવો ઉપડતાં પરિવારજનો હોસ્પિટલ લઈ ગયા હતા.



જે તે વખતે તબીબે તેના પેટમાં પાંચ માસનો ગર્ભ હોવાનું કહેતાં તેના માતા-પિતા ખળભળી ગયા હતાં. તેમણે ફોસલાવીને દિકરીની પુછપરછ કરતાં તેણીએ કહ્યું હતું કે પડોશમાં રહેતાં સગીરે પોતાની સાથે દૂષ્ર્મ કર્યુ છે. આથી તુરજ માતા-પિતા દિકરીને લઇ ત્યાંના પોલીસ સ્ટેશને જતાં મહારાષ્ટ્ર પોલીસે ઝીરો નંબરથી ગુનો નોંધી ફરિયાદ રાજકોટ મોકલતાં પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણે, હીરાભાઇ રબારીએ વિશેષ તપાસ હાથ ધરી હતી. પોલીસે ભોગ બનનાર કિશોરીની પૂછપરછ કરતાં તેણે એક નહીં પરંતુ બે-બે તરૂણે તેની ઉપર દૂષ્કર્મ ગુજાર્યાનું જણાવ્યું હતું. જેમાંથી એક તરૂણની ઉંમર સોળ વર્ષ આસપાસ છે, જયારે બીજા તરૂણની ઉંમર તેર વર્ષની આસપાસ છે. ૧૬ વર્ષનો તરૂણ ભોગ બનનાર કિશોરીનો નજીકના સગામાં પણ થાય છે. તેણે ભોગ બનનાર કિશોરીને જો આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી જેને કારણે ભોગ બનનાર બાળાએ સગાનું નામ માતા-પિતાને જણાવ્યું ન હતું.

મહારાષ્ટ્ર પોલીસે લીધેલી ફરિયાદમાં એક જ આરોપીનું નામ હતું. રાજકોટ બી-ડિવીઝન પોલીસની તપાસમાં બાળાના સગાનું નામ પણ ખુલતાં આ બંને કાયદાના સંઘર્ષમાં આવેલા આરોપીઓની સામે કાર્યવાહી કરી હતી. રાજકોટ પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ એક તરૂણે ભોગ બનનાર કિશોરી ઉપર ગત નવરાત્રિ દરમિયાન એક વખત દૂષ્કર્મ ગુજાર્યું હતું. જયારે ભોગ બનનાર બાળાનો નજીકનો સગો છે તેણે છ સાત વખત દૂષ્કર્મ આચરી લીધુ હતું. ભોગ બનનાર કિશોરીએ પોલીસને જણાવ્યું કે તેના માતા-પિતા જયારે કામ પર જતાં ત્યારે તેનો નજીકનો સંબંધી તરૂણ ઘરે આવી તેની ઉપર દૂષ્કર્મ ગુજારતો હતો. તેણે આવું છ થી સાત વખત કર્યું હતું. જયારે તેના સંબંધી તરૂણના મિત્રએ ગત નવરાત્રિ દરમિયાન એક વખત દૂષ્કર્મ ગુજાર્યું હતું. ભોગ બનનાર કિશોરીની માતાએ બીજા લગ્ન કર્યા છે.

ભોગ બનનાર કિશોરી તેની આગલા ઘરની પુત્રી છે. આ કિસ્સો લાલબત્તી સમાન બની રહ્યો છે. આજના સમયમાં સગીર કુમળી વયની દિકરીઓને એકલી ઘરે છોડતા પહેલા વિચાર કરવો પડે તેવી આ ઘટના ગણી શકાય તેમ છે. સગીરાને હવસખોરીનો શિકાર બનાવી ગર્ભવતી બનાવી દેનારો એક સગીર તેનો જ કુટુંબી સગો છે અને બીજો આ સગીરનો મિત્ર છે. આ બંને સગીરોએ જે નાની ઉમરે જે કૃત્ય આચર્યુ છે તે તેને ગંભીર ગુનાના આરોપી બનવા તરફ દોરી ગયું છે. જો કે આ કિસ્સામાં નિયમઅનુસાર બંનેને બાળ અદાલતમાં રજૂ કરાશે. પોલીસ ઈન્સપેક્ટર એસ. એસ. રાણે, હીરાભાઇ રબારીએ બંને સગીરની સામે પગલા લઇ બાળ અદાલતમાં રજૂ કરવા આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ચેતવણીરૂપ એવા આ કિસ્સાએ શહેરભરમાં ચકચાર જગાવી છે.

### ગોંડલ રોડ પર હુન્ડાઇના પાર્ટસ વેંચતી કંપનીમાં ચાર વર્ષનો નોકરી કરતાં યુવાને એકસઠ પાર્ટીઓને પાર્ટસ વેંચી પંદર લાખ બારોબાર ઉસેડી લીધાઃ બીજા સાડાચાર લાખના પાર્ટસ પણ ગાયબ કર્યાઃ ભોપાળુ છત્તું થતાં ઓફિસે આવવાનું બંધ કરી દીધું

# સેલ્સ એકઝીક્યુટીવે કંપનીનું ૧૯।। લાખનું કરી નાંખ્યું

### ભક્તિનગર પોલીસે અમદાવાદ હેડ બ્રાંચના વાઇસ પ્રેસીડેન્ટની ફરિયાદ પરથી એફઆઇઆર દાખલ કરીઃ માણાવદરના રહેવાસી કર્મચારીની શોધખોળ

રાજકોટ તા. ૩૦

આવ તારુ કરી નાંખુ...મગજમાં આવી સ્કીમ લઇને જ નીકળનારા લોકો એક ઢુંઢો હજાર મીલ જાતે હૈની જેમ ઠેકઠેકાણે વસવાટ કરતાં હોય છે. છેતરપીંડીના રોજે રોજ નવા નવા કિસ્સા પોલીસ ચોપડે ચડતાં રહે છે. આવી વધુ એક ઘટના શહેર પોલીસના ચોપડે નોંધાઇ છે. જેમાં ગોંડલ રોડ પર આવેલી હુન્ડાઇ ફોરવ્હીલના પાર્ટનું રીટેઇલ વેંચાણ કરતી કોન્સેપ્ટ મોબીશ નામની કંપનીની બ્રાંચના સેલ્સ એક્ઝીક્યુટીવ માણાવદરના વતની યુવાને નોકરીના સમયગાળા દરમિયાન અલગ અલગ એકસઠ જેટલી પાર્ટીઓને કારના પાર્ટસ વેંચી રકમ કંપનીમાં જમા કરાવવાને બદલે પોતે જ ખાઇ ગયો હતો. તેમજ બીજા સાડા ચાર લાખના પાર્ટસ પણ બારોબાર વેંચી માર્યા હતાં. આ રીતે તેણે કંપનીને કુલ સાડા ઓગણીસ લાખથી વધુનો ડામ આપી દીધો હતો.

વિશ્વાસઘાત છેતરપીંડીની આ ઘટના પર નજર કરીએ તો આ બનાવમાં ભક્તિનગર પોલીસે અમદાવાદ થલતેજ રોડ અભીપુષ્ય બંગલોઝમાં રહેતાં વિવેકભાઇ અશોકભાઇ ભંડારીની ફરિયાદ પરથી જુનાગઢના માણાવદરના દિપક ગોવિંદભાઇ વાળા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. વિવેકભાઇ ભંડારીએ જણાવ્યું છે કે હું હુન્ડાઇ ફોરવ્હીલના સ્પેર પાર્ટસનું વેંચાણ કરતી કોન્સેપ્ટ મોબીશ નામની કંપનીમાં વાઇસ પ્રેસીડેન્ટ તરીકે નોકરી કરુ છું. અમારી કોન્સેપ્ટ મોબીશ કંપનીની રાજકોટમાં બે બ્રાંચ છે જેમાં એક આજી જીઆઇડીસીમાં વેરહાઉસ તરીકે છે. જેમાં મેનેજર તરીકે ચેતનભાઇ વ્યાસ નોકરી કરે છે. બીજી બ્રાંચ ગોંડલ રોડ આહ્યા કોમર્શિયલ કોમ્પલેક્ષમાં ચાર વર્ષથી ખોલવામાં આવી છે. જેમાં સેલ્સ એક્ઝીક્યુટીવ તરીકે કંપનીતરફથી દિપક વાળાની નિમણુક કરવામાં આવી હતી.

આ બ્રાંચ ખાતેથી હુન્ડાઇ કંપનીના સ્પેર પાર્ટસનું રીટેઇલમાં વેંચાણ કરવામાં આવે છે. વિવેકભાઇએ વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા બાર વર્ષથી અમારી કોન્સેપ્ટ મોબીશન કંપનીનું હુન્ડાઇના ફોરવ્હીલના સ્પેરપાર્ટસનું હોલેસેલમાં વેચાણ કરવા આજી જીઆઇડીસીમાં વેરહાઉસ શરૂ કરવામાં આવ્યું હતું. જ્યાંથી પાર્ટસનું હોલસેલમાં વેંચાણ કરતાં હતાં. ૨૦૨૧થી અમારી કંપનીએ રીટેઇલમાં પાર્ટસ વેંચવા ગોંડલ રોડ આહ્યા કોમ્પલેક્ષમાં ઓફિસ શરૂ કરી હતી. આ ઓફિસનું મેનેજમેન્ટ દિપક વાળાને સોંપાયુ હતું. તેને અહિથી પાર્ટસના વેંચાણની જવાબદારી નિભાવવાની હતી અને જરૂરીયાત મુજબનો સ્ટોક વેર હાઉસમાંથી મેળવવાનો હતો. આ બ્રાંચેથી જે પાર્ટસ વેંચાતા તેનું પેમેન્ટ આવતું તે દિપક વાળા કોન્સેપ્ટ મોબીશ કંપનીના એકાઉન્ટમાં જમા કરાવતો હતો.




તેમજ આ રકમ તે વર્ષ ૨૦૨૧થી જમા કરાવતો હતો. દરમિયાન વર્ષ ૨૦૨૫માં અમદાવાદ મુખ્ય બ્રાંચ ખાતેથી રાજકોટ ગોંડલ રોડ બ્રાંચ ખાતેની ઓફિસનું એકાઉન્ટ સ્ટેટસ મેળવવામાં આવતાં તેમાં દિપક વાળા હસ્તક જુદી જુદી પાર્ટીને માલ વેંચાયો છે પરંતુ તેનું પેમેન્ટ રૂા. ૧૧,૩૦,૭૯૩ જમા થયુ નથી તે પ્રકારનું સ્ટેટમેન્ટ આવ્યું હતું. આ પછી અમે આજી જીઆઇડીસીનું વેરહાઉસ સંભાળતા મેનેજર ચેતનભાઇ વ્યાસને તપાસ કરવા જણાવતાં ચેતનભાઇએ તપાસ કરી જણાવેલુ કે દિપક વાળાએ જે પાર્ટસ વેંચ્યા છે તેનું પેમેન્ટ આવવાનું બાકી છે અને આ બાબતે દિપક સાથે વાત થઇ છે. એ પછી ઓફિસમાં કામ કરતાં ધરમ મેઘનાથીએ પેમેન્ટ મામલે એક પાર્ટીનો સંપર્ક કરતાં જાણવા મળ્યું હતું કે જે તે પાર્ટીએ દિપક વાળાને પેમેન્ટ ચુકવી દીધુ છે, પરંતુ દિપકે કંપનીમાં જમા કરાવ્યું નથી. આથી અમે દિપકને પુછતાં તેણે થોડા દિવસમાં રૂપિયા જમા કરાવી દેશે તેવી ખાત્રી આપી હતી. અમે જાન્યુઆરી-૨૦૨૫માં દિપક હસ્તકની ઓફિસમાં વેંચાણ થયેલા માલની એન્ટ્રી કોમ્પ્યુટરમાં ચેક કરતાં જે તે પાર્ટીના નામ સામે તેને કેટલા રકમનો માલ વેંચાયો તેની નોંધ હતી.

જેમાં અલગ અલગ એકસઠ પાર્ટીઓના નામ અને સામે રકમની નોંધ હતી. જે પાર્ટીને માલ વેંચાયો હતો તેમાં પરેશ મોટર ગેરેજ, શિવ શક્તિ મોટર ગેરેજ, વન સ્ટોપ મોટર ગેરેજ, શ્રીહરિ મોટર્સ, વલભીયા મોટર્સ, રામદેવ મોટર્સ, ડીએનએ ઓટોમોબાઇલ, વૃંદાવન મોટર્સ, યશપાલસિંહ જાડેજા, બાલાજી મલ્ટી બ્રાન્ડ કાર વર્કશોપ, ખોડિયાર કૃપા, વીએમ મોટર્સ, બાબા મોટર, કામેશ્વર મોટર ગેરેજ, વન સ્ટોપ કાર કેર, શીવ મોટર્સ એન્ડ સર્વિસ, ધ્યાની મોટર્સ, નેવીલ્સ મોટર્સ, પરમાર મોટર્સ, ભોલેનાથ મોટર્સ, રામાણી મોટર્સ, શુલભ મોટર્સ ગેરેજ, કાર પોઇન્ટ સર્વિસ સેન્ટર, વીએસ મોટર્સ, રાજ મોટર્સ, ભવનાથ મોટર, ગેલેક્સી મોટર, રોનક મોટર, રોડ મોટર, સૌરાષ્ટ્ર મોટર્સ, ગુરૂકૃપા મોટર્સ, કામનાથ મોટર્સ, વૃજ મોટર્સ, રાજવીર મોટર્સ, આરકે મોટર્સ, ધ્યાની મોટર્સ સર્વિસ, જય રામદેવ કાર, શ્રીકૈલાસ ઓટો પાર્ટ, વિરાટ એન્ટરપ્રાઇઝ, ગેલાભાઇ ઉલેટીયા, પ્રીતિ ઓટો પાર્ટ, આશિષ દાધાનીયા, ગણેશ ઓટો પાર્ટ, ગણેશ ઓટોમોબાઇલ, જયસુખભાઇ, શિવમ્ મોટર્સ, રાજુભાઇ માકડીયા, ચિરાગભાઇ, મૌલિકભાઇ સાપરીયા, અરવિંદભાઇ પરમાર, વાઘેલા સિધ્ધાર્થભાઇ, હીમાશુંભાઇ કટારીયા, શ્રીહરિ ઓટો મોબાઇલ, માર્શલ ઓટો મોબાઇલ, અંકુર ઓટો, ચૌધરી ઓટો પાર્ટ, વિશ્વકર્મા મિકેનીકલ વર્ક, શ્રીનાથજી ઓટો, સહારા ઓટો પાર્ટ એસેસરીઝ અને એમ્કો ડીઝલના નામો હતાં. આ તમામ ૬૧ પાર્ટીઓને કુલ રૂા. ૧૫,૦૧,૧૧૭ના કારના પાર્ટ્સ દિપક વાળાએ વેંચ્યા હતાં.

વેરહાઉસના મેનેજર ચેતનભાઇને અમે આ પાર્ટીઓનો સંપર્ક કરી પેમેન્ટ ઉઘરાવવાનું કહેતાં ચેતનભાઇએ આ તમામ પાર્ટીઓનો સંપર્ક કરી જે તે પેમન્ટની રકમની ઉઘરાણી કરતાં તમામે કહેલુ કે અમે દીપકભાઇને રોકડેથી અથવા ઓનલાઇન પેમેન્ટ મોકલી દીધુ છે. બીજી તરફ દિપક વાળાએ ઓફિસે આવવાનું બંધ કરી દીધુ હતું. આ પછી અમે અમદાવાદની ટીમને રાજકોટ ઓફિસ ખાતે ઓડિટ કરવા મોકલી હતી. જેની તપાસમાં જાણવા મળેલુ કે જે પાર્ટીના બીલ હતાં તે સિવાયના પણ રૂા. ૪,૫૦,૦૦૦ના બીજા સ્પેરપાર્ટસ મળી આવ્યા નહોતાં. અમે આથી પોલીસને અરજી કરી હતી. આજ સુધી દિપકે કંપનીમાં રૂા. ૧૯,૫૧,૧૧૭ જમા કરાવ્યા ન હોઇ દિપક વાળાએ ફ્રોડ કર્યાનું જણાતાં અમારે એફઆઇઆર નોંધાવવી પડી હતી તેમ વધુમાં વિવેકભાઇ ભંડારીએ જણાવતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જે. જે. ગોહિલે આગળ તપાસ હાથ ધરી હતી. આ પ્રકારની છેતરપીંડી વિશ્વાસઘાતની ઘટનાઓ અવાર-નવાર શહેરના પોલીસ સ્ટેશનોમાં નોંધાતી રહે છે. જેમાં વધુ એક ગુનો ઉમેરાઇ ગયો છે.

# રાજકોટના બે નેપાળી પરિવાર પર વજઘાત યુવતિ અને પરિવારના મોભીના આપઘાત

### સાધુ વાસવાણી રોડ પર રહેતી અઢાર વર્ષની પૂજાએ બેંગ્લોર મામાના ઘરે ઝેર પીધું, રાજકોટ સારવારમાં ખસેડતી વખતે મોતઃ નિર્મલા રોડ પર ચોકીદાર પ્રૌઢે અકળ કારણે ગળાફાંસો ખાઇ દુનિયા છોડી

રાજકોટઃ આત્મહત્યાની વધુ બે ઘટનામાં રાજકોટના સાધુ વાસવાણી રોડ પર રહેતી નેપાળી યુવતિએ બેંગ્લોર મામાના ઘરે ઝેર પી લેતાં રાજકોટ સારવારમાં ખસેડાયા બાદ દમ તોડી દીધો હતો. બીજા બનાવમાં નિર્મલા રોડ પર સોસાયટીમાં રહી ચોકીદારી કરતાં નેપાળી પ્રૌઢે અકળ કારણોસર ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરના સાધુ વાસવાણી રોડ પર જનકપુરી સોસાયટીમાં પિતા-પરિવાર સાથે રહેતી નેપાળી યુવતિએ બેંગ્લોરમાં પોતાના મામાના ઘરે હતી ત્યારે ઝેરી દવા પી લેતાં ત્યાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ તેણીએ દમ તોડી દીધો હતો. સાધુ વાસવાણી રોડ પર જનકપુરી સોસાયટીમાં સિક્યુરીટી રૂમમાં પરિવાર સાથે રહેતાં નેપાળી સંજયભાઇ સાઉદની દિકરી પૂજાકુમારી કે જે અઢાર વર્ષની હતી તેણીએ બેંગ્લોરમાં બલગેરી રોડ વર્તુલ શોપીંગ સેન્ટર ઉપર ફ્લેટ નં. ૩૦૨માં પોતાના મામાના ઘરે હતી ત્યારે૨૪/૪ના રોજ ઝેરી દવા પી લેતાં બેંગ્લોર વિક્ટોરીયા હોસ્પિટલમાં સારવાર અપાવી વધુ સારાવર માટે રાજકોટ ખસેડાઇ હતી.



અહિ મૃતદેહ જ પહોંચ્યાનું જાહેર થતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર પૂજાકુમારી ત્રણ ભાઇ અને એક બહેનમાં નાની હતી. તેણીના પિતા સોસાયટીમાં ચોકીદારી કરે છે. પૂજાકુમારી બેંગ્લોરમાં ઘરકામ કરવા માટે ગઇ હતી અને મામા સાથે રહેતી હતી. તેણીના કોઇ ફેસબૂક ફ્રેન્ડે એકાદ દિવસ વાત ન કરતાં કદાચ માઠુ લાગી જતાં પગલુ ભર્યાની શક્યતા જણાવાઇ હતી. એકની એક દિકરીના આ પગલાથી નેપાળી પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

આપઘાતના બીજા બનાવમાં નિર્મલા રોડના બંસીધર ડેરીથી આગળ આવેલા એપાર્ટમેન્ટમાં ચોકીદારની રૂમમાં આ બનાવ બન્યો હતો. જાણવા મળ્યા મુજબ નિર્મલા રોડ શેરી નં. ૧માં સુવર્ણ બિલ્ડીંગમાં ચોકીદારના રૂમમાં રહેતાં અને ચોકીદારી કરતાં મુળ નેપાળના ચક્કાલુ કામીકાલુ નેપાળી એકાવન વર્ષના પ્રૌઢએ એંગલમાં દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારજનોમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આપઘાત કરનાર પ્રૌઢ ત્રણ બહેન અને છ ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી. પ્રાથમિક કાર્યવાહી હેડકોન્સ. મિહીરસિંહ બારડે કરી હતી.

જ્યારે ત્રીજા બનાવમાં હાર્ટએટેક વધુ એક વખત જીવલેણ નીવડ્યો હતો. ગાંધીગ્રામ રામાપીર ચોકડી પાસે લાભદિપ સોસાયટી પાસેના આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં ભાવનાબેન રતિલાલ કારેથા નામના છેતાલીસ વર્ષના મહિલા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. ભાવનાબેનને સંતાનમાં એક પુત્રી છે. પતિ મંડપ સર્વિસમાં નોકરી કરવા સાથે રિક્ષાના ફેરા કરે છે. ભાવનાબેનને હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

# ગિરદીમાં આંગળીના ઇલમીની કારીગીરીઃ મહિલાના પર્સમાંથી ત્રાણુ હજારનો આઇફોન સેરવાઇ ગયો

### લાખાજીરાજ રોડ પરાબજાર પાસે બનાવઃ એ-ડિવીઝન પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટઃ શહેરમાં જ્યાં પણ ગિરદી થાય ત્યાં તસ્કરણી અને તસ્કરો, લેભાગુઓ, ઉઠાવગીરો પણ પહોંચી જતાં હોય છે. વધુ એક વખત લાખાજીરાજ રોડ પરા બજારમાં ભીડનો લાભ લઇ ગઠીયો મહિલાના પર્સમાંથી રૂા. ૯૩ હજારની કિંમતનો આઇફોન સેરવી ગયો છે. વિગતો પર નજર કરીએ તો ચુનારાવાડ લાખાજીરાજ ઉધોગનગર શેરી નંબર છમાં રહેતા આરતીબેન હીરાભાઇ તલસાણીયા નામના પાંત્રીસ વર્ષના મહિલાએ એ-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે આરતીબેન હું એક કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરૂ છું. સત્યાવીસમીએ રવિવારે હું તથા મારી કૌટુંબીક બહેન બંને એકટીવા પર લાખાજીરાજ રોડ પર રવીવાર બજારમાં ખરીદી કરવા માટે ગયા હતા. ત્યારે પાથરણા વાળા પાસે કપડાની ખરીદી કરતા હતા. ત્યારે મારૂ પર્સ મેં ખંભા પર ટીંગાડેલ હતું. અને પર્સમાં આઇફોન મોબાઇલ રાખ્યો હતો. થોડીવાર બાદ પર્સમાંથી મોબાઇલ કાઢવા જતા પર્સમાં ફોન જોવા ન મળતા મે ત્યાં રોડ પર આજુબાજુ તપાસ કરી હતી.પરંતુ ફોન મળી ન આવતા કોઇ અજાણ્યા શખ્સે ભીડનો લાભ લઇ મારા પર્સમાંથી રૂા. ૯૩૦૦૦ની કિંમતનો આઇફોન ચોરી લીધો હોવાની ખબર પડતા એ-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ લાભુભાઇ જતાપરાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો દાખલ કરતાં આગળની તપાસ એએસઆઇ મનોજભાઇ મકવાણાએ હાથ ધરી છે.

### કુવાડવા રોડ ક્રોમાના શો રૂમમાં ચોરીઃ ઘટના કેમેરામાં કેદ થઇ

# ગ્રાહકના સ્વાંગમાં ઉઠાવગીર આવ્યો નેફામાં મીની લેપટોપ નાંખીને સરકી ગયો

### મેનેજરે જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે એફઆઇઆર નોંધી ફુટેજને આધારે આદરી તપાસ

રાજકોટઃ ચોર-ગઠીયાઓએ ઉપાડો લેવાનું યથાવત રાખ્યું છે. કુવાડવા રોડ પર ડી માર્ટની બાજુમાં આવેલા ક્રોમા એન્ટરપ્રાઇઝ નામના શોરૂમમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલા શખ્સે કર્મચારીની નજર ચૂકવી અપડેટ કરવા માટે રાખવામાં આવેલા એપલ કંપનીના મીની લેપટોપ એટલે કે મેકબુકની ચોરી થઇ છે. કકર્મચારીએ સીસીટીવી ચેક કરતા તેમાં એક શખ્સ પેન્ટના નેફામાં મીની લેપટોપ નાખી જઈ રહ્યો હોવાનું જોવા મળતા પોલીસે તપાસ શરૂ કરી છે. કુવાડવા રોડ પર ડી-માર્ટની બાજુમાં આવેલા ક્રોમા એન્ટરપ્રાઇઝ નામના શો રૂમમાં ગત તા.૨૩ના રોજ શો રૂમમાં એપલ બ્રાન્ડના સ્ટાફ તરીકે કામ કરતા પ્રતીક જોષીએ એપલ કંપનીનું મેકબુક કે જેની કિંમત રૂ.૧,૪૭,૩૮૩ થાય છે તે ટેબલ ઉપર અપડેટ કરવા મૂક્યું હતું અને તેમાં સિક્યોરિટી ગાર્ડ લગાવ્યું નહતું.

જે મીની લેપટોપ જે તે જગ્યા પર જોવા ન મળતા સ્ટાફે શો રૂમમાં તપાસ કરી હતી પરંતુ મળી ન આવતા સીસીટીવી ફૂટેજ ચેક કરતા તેમાં બપોરના દોઢેક વાગ્યાના અરસામાં એક વ્યક્તિ સ્ટોરમાં આવ્યો હતો અને આસપાસ કર્મચારીઓ કામમાં હતા દરમિયાન નજર ચૂકવી મેકબુક પેન્ટના નેફામાં નાખી ચોરી કરતો જોવા મળ્યો હતો. આ ફૂટેજના આધારે શો રૂમના મેનેજર સુમિતભાઈ રમેશભાઈ ચલ્લાએ લેપટોપ ચોરી અંગેની ફરિયાદ બી ડિવિઝન પોલીસમાં નોંધાવતા પોલીસે ફૂટેજમાં દેખાતા અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

### જિંદગીની સફરમાં સુખ દુઃખ આવ્યા કરે, તકલીફો પણ આવે પરંતુ ત્યારે હિમ્મત હારી ન જવાની હોય

# સેન્ટ્રીંગના ધંધાર્થી યુવાને છતના હુકમાં દેહ લટકાવી જીવ દીધો

### દોઢસો રીંગ રોડ પર જસરાજનગરની ઘટનાઃ પરોઢે પત્નિ જાગ્યા ત્યારે પલંગમાં પતિ ન દેખાયાઃ હોલ તરફ જતાં જ પતિને લટકતાં જોયાઃ બે દિકરીએ ગુમાવી દીધી પિતાની છત્રછાંયા

રાજકોટ તા. ૩૦

મહામુલી જિંદગીને અનેક માણસો અલગ અલગ કારણોસર ઓચીંતી તરછોડી દઇ દુનિયામાંથી વસમી વિદાય લઇ લેતાં હોય છે. જિંદગી મળી હોય તો તેને જીવતી વખતે માણસને સારા નરસા દિવસોનો, સમયનો સામનો કરવો પડતો હોય છે. ઢગલાબંધ સુખસાહ્યબી ભોગવનારાઓને પણ અચાનક જ ક્યારેક દુઃખના ડુંગરાઓ તળે દબાઇ જવું પડતું હોય છે તો ક્યારેક એવી હાલત પણ ઉભી થઇ જતી હોય છે કે તેને પછી મરી જવા સિવાય કોઇ રસ્તો દેખાતો હોતો નથી. પરંતુ જ્યારે આવી પરિસ્થિતિ ઉભી થાય ત્યારે થોભો, રાહ જુઓ, સ્વજનો સાથે તકલીફોને વહેંચી લો તો આવા વિચારમાંથી બહાર નીકળી શકાય છે અને જિંદગીને છોડવાને બદલે તેને જીવવાની ફરી આશા પ્રગટ થઇ જાય છે. એક પરિવારના આધારસ્તંભ યુવાને અચાનક જ ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી છે. જસરાજનગરમાં બનેલી આ ઘટનામાં બે દિકરીઓએ પિતાની છત્રછાંયા ગુમાવી દીધી છે.

કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો મવડી ૧૫૦ ફુટ રીંગ રોડ પર જસરાજનગરમાં રહેતાં સેન્ટીંગના ધંધાર્થી યુવાને ગળાફાંસો ખાઇ દુનિયામાંથી કાયમી વિદાય લઇ લેતાં કલ્પાંત સર્જાયો હતો. આ પગલુ ભરતાં પુર્વે તેણે હું મારી રીતે પગલુ ભરુ છું, કોઇનો વાંક નથી, પપ્પા મને માફ કરજો એ સહિતનું લખાણ એક સ્યુસાડ નોટરૂપે લખ્યું હતું. આત્મહત્યાનું કારણ બહાર ન આવતાં



ચિઠ્ઠીમાં લખ્યું કોઇનો વાંક નથી, મારી રીતે પગલુ ભરુ છું, પપ્પા મને માફ કરજો, દિકરીઓનું ધ્યાન રાખજો

પોલીસે તપાસ યથાવત રાખી છે. મવડી ૧૫૦ રીંગ રોડ પર ઉમિયા સર્કલ પાસે જસરાજનગર-૨માં 'આવકાર' નામના મકાનમાં રહેતાં ચેતનભાઇ હર્ષદભાઇ મોરીધરા નામના સાડત્રીસ વર્ષના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ના ઇએમટી મારફત થતાં પોલીસ કન્ટ્રોલ રૂમના ઇન્ચાર્જ દ્વારા તાલુકા પોલીસને જાણ કરવામાં આવતાં મયુરભાઇ ઠાકર, કિરીટભાઇ રામાવત સહિતની ઇન્વેસ્ટીગેશન ટીમે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

આ ઘટનામાં પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યા મુજબ સવારે પાંચેક વાગ્યે ચેતનભાઇના પત્નિ જલ્પાબેન જાગ્યા ત્યારે પતિ ચેતનભાઇ રૂમમાં ન દેખાતાં બહાર નીકળીને જોતાં તેઓ હોલમાં છતના હુકમાં દોરીમાં લટકતાં જોવા મળતાં તેમણે દેકારો મચાવી મુકતાં ઉપરના રૂમમાં સુતેલા ચેતનભાઇના પિતા તેમજ અડોશી પડોશી દોડી આવ્યા હતાં. કોઇએ ૧૦૮ બોલાવી હતી પરંતુ તેના તબિબે ચેતનભાઇને મૃત જાહેર કર્યા હતાં. ચેતનભાઇ સેન્ટીંગ કામના કોન્ટ્રાક્ટ રાખી ગુજરાન ચલાવતાં હતાં. તેમને સંતાનમાં બે દિકરી છે. પરિવારજનોએ કહ્યું હતું કે ચેતનભાઇએ આ પગલુ શા માટે ભર્યુ? તે અંગે તેમને કંઇ જ જાણ નથી. પોલીસે તપાસ કરતાં એક સ્યુસાઇડ નોટ મળી હતી જેમાં ચેતનભાઇએ હું મારી જાતે પગલુ ભરુ છું, કોઇનો વાંક નથી, પપ્પા હું તમને સાચવી ન શક્યો મને માફ કરજો, મારી દિકરીનું ધ્યાન રાખજો તેવું લખેલું હતું.

આપઘાત કરનારા ચેતનભાઇને કોઇ આર્થિક તકલીફ હતી કે બીજી કોઇ મુશ્કેલીનો તેઓ સામનો કરી રહ્યા હતાં? આ સહિતની તપાસ અંતિમવિધી બાદ પોલીસ કરશે. તેમના સ્વજનો, કુટુંબીજનો, પરિવારજનો, મિત્રોની પણ પોલીસ પુછપરછ કરી શકે છે. બનાવને પગલે એક પરિવારે મોભી ગુમાવી દીધા છે, બે દિકરીએ પિતાની છત્રછાંયા ગુમાવી દીધી છે.

# સરકારની નીતિ-રીતિ સામે બાયો ચડાવતા મહેસુલી કર્મીઓ

## શહેર અને જિલ્લામાં ૪૦૦ થી વધુ કર્મચારીઓ એક દિવસની માસ સીએલ પર : રાજ્યભરમા ગઈકાલે મહેસૂરી કામગીરી થઈ ઠપ્પ

રાજકોટ, તા. ૩૦

ગઈકાલે રાજકોટ ફિટ સમગ્ર રાજ્યના મહેસુલ કર્મચારીઓ તેમના વિવિધ પ્રશ્નોને લઈને એક દિવસની માસ સીએલ પર ઉતર્યા હતા જેની સામે સરકારે પણ લાલ આંખ કરી હતી અને જિલ્લા કલેકટરોને તેઓની રજા મંજૂર ન કરવા આદેશ કર્યો હતો. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ સહિત રાજ્યના તમામ જિલ્લા કલેકટરો દ્વારા જણાવવામાં આવ્યું કે જે કોઈ કર્મચારી રજા રાખશે તો તેમના પર કાયદાકીય પગલા લેવામાં આવશે. છતાં સંગઠન એકતા ને જોતા રાજકોટ સહિત રાજ્યભરના મહેસુલ કર્મચારીઓ એક દિવસની માસ સીએલ પર ઉતર્યા હતા. પરિણામ સ્વરૂપે મહેસુલની કામગીરીને ઘણી માઠી અસરનો સામનો પણ કરવો પડ્યો હતો. અરજદારો પણ હેરાન પરેશાન થયા હતા. એટલું જ નહીં અરજદારોને પણ ઘણી હાલાકી ભોગવી પડી હતી.

હાલ જે વિગતો સામે આવી રહી છે તેને ધ્યાને લઇ મહેસુલી કર્મચારી મંડળ દ્વારા કર્મચારીઓના જે પ્રશ્નો હતા તે અંગે કલેક્ટરોને આવેદનપત્ર સુપરત કરી સૂત્રોચાર પણ કરવામાં આવ્યો હતો. મહેસુલ કામગીરી અંગે જો વાત કરવામાં આવે તો રેશનકાર્ડ વિભાજન, રેશનકાર્ડમાં નવા નામ દાખલ કરવા, દબાણ હટાવ ઝુંબેશ, મિલકત જપ્તી સહિતના જે કામો હતા તે ને ઘણી અસર પહોંચી છે. માત્ર રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર રાજ્યભરમાં મહેસુલી કર્મચારીઓની આ હડતાલના પગલે કલેકટર કચેરી-તાલુકા મામલતદાર કચેરી ખાતે આવેલા અરજદારોને કામ નહીં થતા ન છુટકે પરત ફરવાની ફરજ પડી હતી.



આ અંગે મહેસુલી કર્મચારી મંડળ રાજકોટ જીલ્લાના પ્રમુખ કીરીટસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે મહેસુલી કર્મચારીઓના પ્રમોશનમાં વિસંગતતા, બદલીમાં અન્યાય, જુની પેન્શન યોજના લાગુ કરવા સહિતના પ્રશ્નો અંગે છેલ્લા લાંબા સમયથી રાજ્ય સરકારમાં રજૂઆતો કરવામાં આવી રહી છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા જે માંગણી અને રજૂઆત કરવામાં આવી હતી તે પરિપૂર્ણ ન થતા કર્મચારીઓ દ્વારા સરકારની નીતિ અને તેની રિતી સામે રોષ ભભૂકી ઉઠ્યો હતો અને આગામી દિવસોમાં આ મુદ્દે જો કોઈ નિર્ણય લેવામાં નહીં આવે તો આંદોલન કરવાની પણ ચીમકી મહેસુલ વિભાગના કર્મચારીઓ દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

સરકાર દ્વારા તેમના પ્રશ્નો ઉકેલવા માટે તાકીદે કોઈ નિર્ણય લેવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં કર્મચારીઓ દ્વારા હડતાલ પણ કરવામાં આવશે તેવી ચીમકી વિચારવામાં આવી હતી ત્યારે રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે શહેર અને જિલ્લાના આશરે ૪૦૦ જેટલા મહેસુલી કર્મચારીઓ માસ સી એલ પર ઉતર્યા હતા અને સૂત્રોચાર કર્યો હતો. આ તકે કચેરીના પટાંગણમાં કર્મચારીઓની મળેલી સભાને મહેસુલી કર્મચારી મંડળના જીલ્લા પ્રમુખ કિરીટસિંહ ઝાલાએ સંબોધી હતી. કલેક્ટર અને તાલુકા મામલતદાર કચેરીઓના મહેસુલી કર્મચારીઓ માસ સીએલ મુકી હડતાલ પર જતા કર્મચારીઓના અભાવે આ મહેસુલી કચેરી સુમસામ બની જવા પામી હતી.

ત્યારે હવે મહત્વનો પ્રશ્ન એ છે કે જો મહેસુલી કર્મચારીઓને જ્યારે રાજ્ય સરકાર દ્વારા રજા મંજૂર ન કરવાનો આદેશ કલેકટરોને આપવામાં આવ્યો હોય અને છતાં વિભાગના કર્મચારીઓ દ્વારા માસ સીએલ પર ઉતરે તો હવે સરકાર આ અંગે કયા પ્રકારે પગલાં લેશે તે હવે જોવાનું અને ખાસ તો વિચારવાનું રહ્યું.

શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાય અને કોઈપણ ગેરરીતી અથવા તો કોઈ તકલીફ ન અનુભવાય તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ

# NEET પરીક્ષા માટે ૧૩ ડેપ્યુટી કલેકટર નોડલ અધિકારી




રાજકોટ, તા. ૩૦

વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે જે મહેનત કરતા હોય તેઓને તેનું પરિણામ લાવવા માટે પરીક્ષાઓ આપવી પડે છે ત્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ તબીબી વિદ્યા શાખામાં જે પણ વિદ્યાર્થીઓ રસ ધરાવતા હોય તો તેઓએ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવામાં આવતી નીટ પરીક્ષા આપવી પડતી હોય છે ત્યારે આગામી ૪ મે ના રોજ આ ભરતી પરીક્ષા લેવાશે અને રાજકોટમાં આશરે ૬૩૦૦ થી પણ વધુ ઉમેદવારો આ પરીક્ષામાં બેસશે.

પરીક્ષામાં કોઈપણ પ્રકારની તકલીફનો સામનો વિદ્યાર્થીએ ન કરવો પડે અને પરીક્ષા ખૂબ શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જેને લઈને ખાસ જવાબદારીઓ વિવિધ અધિકારીઓને પણ સોંપવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે. રવિવારે યોજનારી નીટની પરીક્ષામાં સરકારી કર્મચારીઓને વિશેષ રીત થી તૈયાર કરવામાં આવ્યા છે કારણકે આ વખતેની પરીક્ષા નવા નિયમોને ધ્યાને લઈ લેવાશે જેથી વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ના પડે ને કોઈ પણ ગેરરીતી પરીક્ષા દરમિયાન ન થાય તે માટેની પૂર્ણ તકેદારી રાખવામાં આવશે. બીજી તરફ ઉનાળુ વાતાવરણ હોવાના કારણે હાલ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાને લઈને પણ તમામ સુવિધાઓ વિવિધ કેન્દ્રો પર ઉભી કરવામાં આવશે તેવું કલેકટર વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ તબીબી વિદ્યાશાખાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી તા. ૪ને રવિવારે ભરતી પરીક્ષા લેવાનાર છે. રાજકોટમાં ૬૩૩૭ ઉમેદવારો આ પરીક્ષામાં બેસનાર હોય આ પગલા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તંત્રએ કમ્મર કસી દીધી છે. ભરતી પરીક્ષા માટે રાજકોટમાં કેન્દ્રો નિયત કરવામાં આવેલ છે. ભરતી પરીક્ષાના આ ૧૩ કેન્દ્રોના નોડલ અધિકારી તરીકે ડે.કલેકટરોને જવાબદારી કલેકટર પ્રભવ જોશી દ્વારા સોપી દેવામાં આવી છે.

# દસ્તાવેજ નોંધણી માટે BSNLનું નેટ અરજદારો માટે બન્યો માથાનો દુખાવો

## અખાત્રીજના શુભ અવસરે નેટ કનેક્ટિવિટી માં ફોલ્ટ સર્જાતા અનેક પ્રશ્નો થયા ઉભા : દસ્તાવેજ કરવા આવેલા લોકો થયા હતાશ

રાજકોટ, તા. ૩૦

ભારતીય સંસ્કૃતિમાં જે શુભ દિવસો અથવા તો શુભ ચોઘડિયા હોય ત્યારે લોકો વિવિધ ચીજ વસ્તુઓની ખરીદી કરતા હોય છે જેની પાછળનો લક્ષ્ય અને હેતુ એ જ છે કે તેઓને જે તે કામમાં પૂર્ણતઃ બરકત મળે. ત્યારે અખાત્રીજના શુભ મુહૂર્ત માં લોકો ઘણા સારા કાર્યો કરતા હોય ત્યારે ગઈકાલે દસ્તાવેજ કરાવવા માટે રજીસ્ટ્રી શાખામાં ખૂબ મોટી લાઈન જોવા મળી હતી પરંતુ કમનસીબે બીએસએનએલના મુખ્ય કેબલમાં કોઈ કારણોસર ક્ષતિ સર્જાતા સર્વર ડાઉન થઈ ગયું હતું અને નેટ કનેક્ટિવિટી સંપૂર્ણપણે ખોળવાઈ ગઈ હતી જેના કારણે જે દસ્તાવેજ થવા જોઈએ તે થઈ શક્યા ન હતા અને પરિણામ સ્વરૂપે અરજદારોને ઘણી મુશ્કેલીનો પણ સામનો કરવો પડ્યો હતો. આ અંગે વધુ તપાસ હાથધરાવતા માલુમ પડ્યું કે વાયર નો ફોલ્ટ હોવાથી આ સમગ્ર ઘટના ઘટી ત્યારે બીએસએનએલના ટેકનિકલ સ્ટાફ દ્વારા યુદ્ધના ધોરણે કામ હાથ ધરવામાં આવ્યું હતું. ડી. એચ. કોલેજ સ્થિત સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે નેટ ખોરવાતા અરજદારોનો દેખારો અને રોષ ખાળવા માટે સબ રજીસ્ટ્રાર કચેરીના સતાવાળાઓએ અરજદારોને જૂની કલેક્ટર કચેરી સ્થિત સબ રજીસ્ટ્રારની અન્ય કચેરીઓમાં ખસેડયા હતા.



ગઈકાલે અખાત્રીજના દિવસે વણ જોયા મુરત અને ચોઘડિયા હોય છે ત્યારે રાજકોટમાં અસંખ્ય મિલકત ધારકોએ કે જે હોય તેમના નવા મકાન, અથવા તો જમીનની ખરીદી કરી હોય તો તેઓના દસ્તાવેજ નોંધણી માટે રજીસ્ટ્રાર કચેરીમાંથી ટોકન લઈ લીધા હતા અને શહેરની ડીએચ કોલેજમાં સબ રજીસ્ટર કચેરી ઝોન ૩, ૪,૫,૬,૭ કચેરીઓ ખાતે પહોંચ્યા હતા પરંતુ ભારત સંચાર નિગમ લિમિટેડ એટલે કે બીએસએનએલ નું જે નેટ કનેક્શન જોવા મળતું હોય તેમાં કોઈ ટેકનીકલ ક્ષતિ સર્જાઇ હતી અને દશેરા એ જ ઘોડું દોડ્યું ન હતું અને તમામ પાંચ સબ રજીસ્ટર કચેરીઓમાં નેટ કનેક્ટિવિટી સંપૂર્ણપણે ખોળવાઈ ગઈ હતી.

આથી દસ્તાવેજ નોંધણી સહિતની તમામ મહત્વની કામગીરી ખોરંભ ચડી ગઈ હતી અને મોડી બપોર સુધી નેટ પ્રસ્થાપિત ન થઈ શકતા સેંકડો અરજદારો આકરા તાપમાં હેરાન પરેશાન થઈ ગયા હતા. સબ રજીસ્ટ્રાર કચેરીના અધિકારીઓના જણાવ્યા મુજબ તેઓની કચેરીની નેટ કનેકટીવીટી બીએસએનએલ મારફતે આવે છે. અને બીએસએનએલની કનેકટીવીટીનાં અન્ડર ગ્રાઉન્ડ કેબલમાં મોટો ફોલ્ટ આવી જતા સવારથી જ ડીએચ કોલેજ ખાતે નેટ કનેકટીવીટી ખોરવાઈ ગઈ હતી અને દસ્તાવેજીને લગતા તમામ કાર્યો ખોરવાઈ ગયા હતા.

# હિરાસર એરપોર્ટ પાસે બનશે નવા CISF કવાર્ટર

## કલેકટર તંત્ર પાસે માંગવામાં આવી સાત એકર જગ્યા : ૫૦ ક્વાર્ટર બનાવવાનો નિર્ધાર, નવનિર્માણ પામતા જુના ક્વાર્ટર સોંપાશે સરકારને પરત

રાજકોટ, તા. ૩૦

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસના ફળ સ્વરૂપે રાજકોટને આંતરરાષ્ટ્રીય હવાઈ મથક મળ્યું છે ત્યારે ફરી એક વખત એક નવતર નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે જેમાં હિરાસર એરપોર્ટ નજીક જ સીઆઈએસએફના ક્વાર્ટર નિર્માણ માટે કલેક્ટર તંત્ર પાસે સાત એકર જેટલી જગ્યા માંગવામાં આવેલી છે જેને લઈ જિલ્લા કલેક્ટર દ્વારા સ્થળ તપાસ કરી રિપોર્ટ આપવા અધિકારીઓને પણ આદેશ કર્યો છે. હાલ એરપોર્ટ ની બાજુમાં ૫૦ જેટલા ક્વાર્ટરનું નિર્માણ કરવા માટેનું ખાસ આયોજન હાથ ધરવામાં આવ્યું છે અને તેના માટે જ એરપોર્ટ ઓથોરિટી દ્વારા સાત એકર જગ્યા કલેક્ટર પાસેથી માંગવામાં આવી છે.






અત્યારે સીઆઈએસએફના જવાનો કે જે એરપોર્ટ પર ડ્યુટી કરી રહ્યા છે તેઓ અત્યારે હાલ જુના એરપોર્ટ પાસે ના ક્વાર્ટરમાં રહે છે ત્યારે હિરાસર ખાતે જે નવું એરપોર્ટ બન્યું છે તેનું ડિસ્ટન્સ વધુ હોવાના કારણે જે ફરજ પર પહોંચવામાં ઘણી ઘણી મુશ્કેલીનો પણ સામનો કરવો પડતો હોવાનું માલુમ પડ્યું છે. આ અંગેની જાણ થતા જ હાલ એરપોર્ટ ઓથોરિટી દ્વારા નવા એરપોર્ટ નજીક ક્વાર્ટર બનાવવા માટે કલેક્ટર પાસે જમીનની ગુહાર લગાવી છે. એટલું જ નહીં એ વાતની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે જ્યારે પણ નવા ક્વાર્ટર નિર્માણ પામશે તો જુના ક્વાર્ટર સરકારને પરત સોંપી દેવામાં આવશે. દરમિયાન આ અંગે કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે હિરાસર એરપોર્ટ પાસે સીઆઈએસએફ દ્વારા કવાર્ટરોના નિર્માણ માટે જમીન માંગવામાં આવી છે તેમ સ્થળ તપાસ બાદ સરકારને રિપોર્ટ મોકલાશે. આ જમીનની કિંમત સરકાર નકકી કરશે.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માત્ર ૧૫ દિવસમાં જ હાથ ધરવામાં આવી કામગીરી : ચૂંટણી પંચના આદેશને ધ્યાને લઈ લેવાયો મહત્વનો નિર્ણય

# ૩૦૦ બોગસ નામો મતદાર યાદીમાંથી હટાવાયા

રાજકોટ, તા.૩૦

ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે શહેર અને જિલ્લામાં ખાસ ઝુંબેશ ચલાવવામાં આવતી હોય છે જેમાં મતદાર યાદીમાં ડુપ્લીકેટ નામો હોય તો તેને રદ કરવા માટે જણાવતું હોય છે ત્યારે રાજકોટ જિલ્લા ની જો વાત કરવામાં આવે તો મતદાર યાદી માંથી આશરે ૩૦૦ જેટલા બોગસ એટલે કે ડુપ્લીકેટ નામો તંત્ર દ્વારા રદ કરવામાં આવ્યા હોવાનું માલુમ પડ્યું છે. એટલું જ નહીં રાજ્ય ચૂંટણી પંચના આદેશ ને અનુસરીને જ ૧૫ દિવસના સમયગાળામાં આ મહત્તમ પગલું લેવામાં આવ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સમગ્ર મતદાન યાદીમાં બોગસ નામો શોધી તેને રદ કરવા માટે કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

હાલ જે સૂત્રો જણાવી રહ્યા છે તે મુજબ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા સમગ્ર દેશમાં જે મતદાન યાદીમાંથી ડુપ્લીકેટ નામો રદ કરવા માટે એક ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવેલુ છે જેમાં સમગ્ર રાજ્યમાં તાકીદે આ કામગીરી પૂર્ણ કરવા ની સૂચનાઓ પણ આપવામાં આવી છે જે બાદ સમગ્ર રાજ્યમાં ઝુંબેશ તીવ્રવેગથી આગળ વધી અને રાજકોટ જિલ્લા દ્વારા મતદાન યાદીમાં જે ડુપ્લીકેટ નામો હોય તેને શોધીને રદ કરવામાં આવ્યા હતા. સરકારી કામગીરી હોવાથી જિલ્લા કલેકટરે પણ આ કાર્યમાં ગંભીરતાથી પગલાં લેવા જણાવ્યું હતું અને તેમાં પણ ખાસ એ વાતની ચર્ચા કરવામાં આવી હતી કે જે પણ મતદારે બબ્બે વિસ્તારમાં રહેતા હોય અને નામ નોંધાવ્યા હોય અને જો નામ કઢાવ્યા નહીં હોય તો તેની સામે પણ કાયદાકીય પગલા લેવામાં આવશે હાલ આ માટે એક વિશેષ ચલાવવામાં આવી છે અને હજુ પણ મતદાન યાદીમાં ડુપ્લીકેટ નામો જોવા મળશે તો તાકીદે તેને રદ કરાશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

# જૂજ વિસ્તારોમાં જંત્રીદર ઘટાડવા સરકારને કલેક્ટરની દરખાસ્ત

## નવો જંત્રીદાર લાગુ કરવાની તૈયારી કરતી સરકાર : જોવાનું રહ્યું સરકાર દરમાં વધારો કરે છે કે ઘટાડો : ગમે તે ઘડીએ જાહેરાતની સંભાવના

રાજકોટ , તા. ૩૦

સમગ્ર રાજ્યમાં જંત્રીદારને લઈને રાજ્ય સરકાર એક્શન મોડમાં આવ્યું હતું પરંતુ રાજ્યભરમાં રિયલ એસ્ટેટ વિભાગ અને ક્ષેત્ર સાથે સંકળાયેલા જે બિલ્ડરો છે તેઓએ આનો ઘણો વિરોધ કર્યો હતો જે બાદ સરકારે વધારવા માટેના નિર્ણયને મુલતવી રાખવામાં આવ્યો અને ખાસ દરેક જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરોને સૂચિત કરવામાં આવ્યા કે તેઓ તેમનો રિપોર્ટ અને અભિપ્રાય મોકલે હાલ આ માટે રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા બેઠક યોજાઈ ખાસ રિપોર્ટ તૈયાર કરી અને અભિપ્રાય પણ સરકારને મોકલવામાં આવ્યો છે તેમાં કલેક્ટર એ જણાવ્યું કે થોડા વિસ્તારોમાં જંત્રીદાર ઘટાડવા માટેની પણ દરખાસ્ત કરવામાં આવેલી છે ત્યારે હવે સમગ્ર મામલો સરકાર પાસે છે અને જોવાનું એ રહ્યું કે શું સરકાર જંત્રી દરમાં વધારો કરે છે કે ઘટાડો.

સરકારી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ રાજ્ય સરકાર દ્વારા નવો જંત્રીદાર લાગુ કરવા ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હોય તેવું જણાવી રહ્યા છે આ પૂર્વે નવેમ્બરમાં પણ સરકારે જંત્રીદાર વધારવા માટેની પહેલ કરી હતી પરંતુ સમગ્ર રાજ્યમાં ભારે વિરોધ ઊઠતા આ નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ ફરી એક વખત સરકાર દ્વારા જંત્રીદાર લાગુ કરવા માટે પહેલ કરવામાં આવી તો રાજ્યભરના બિલ્ડર એસોસિએશન દ્વારા તેનો વિરોધ ઉઠાવવામાં આવ્યો હતો અને તમામ જિલ્લા મથકો પર કલેક્ટરને આવેદન આપવાની સાથો સાથ ઉગ્ર રજૂઆત પણ કરવામાં આવી હતી જે બાદ સરકારે તેનો નિર્ણય મોકૂફ રાખ્યો હતો. એટલું જ નહીં જિલ્લા કલેકટર દ્વારા જે કમિટીનું ગઠન કરવામાં આવ્યું તેમના દ્વારા પણ ખાસ સુજાવો લઈ અને દરખાસ્ત કરવામાં આવી હતી જે રાજ્ય સરકારમાં મોકલી આપવામાં આવેલી છે.

